₹ ૨૦/-

અમરત્વની શોધ

પ્રભુ અર્પણ

ડિસેમ્બર - ૨૦૨૨

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

*

વિજ્ઞાન—શારીરિક વિજ્ઞાન કે ગૂઢ વિદ્યા — શરીરને અનંતકાળ સુધી ટકાવી રાખવા માટેની પરિસ્થિતિનું નિર્માણ કરે, અથવા એને માટેનાં સાધનો શોધી કાઢે તેમ છતાં; શરીર જો આંતરિક વિકાસની અભિવ્યક્તિ માટેનું યોગ્ય કરણ બની ન શકે તો આત્મા એ શરીરનો ત્યાગ કરવા માટેની બીજી કોઈ રીત શોધી લેશે અને પોતે નૂતન જન્મ ધારણ કરી લેશે. શરીરનાં મૃત્યુનાં કારણો — ભૌતિક કે શારીરિક કારણો — એ જ એકમાત્ર કે સાચાં કારણો નથી. મૃત્યુનું સાચું, અંતરતમ કારણ છે : નૂતન સ્વરૂપના વિકાસ માટેની આધ્યાત્મિક જરૂરિયાત.

(Life Divine - SABCL, Vol, 19, P. 822)

મૃત્યુ એ અંત નથી જ

જો જન્મ શરૂઆત (આવિર્ભાવની ક્રિયા) છે તો મૃત્યુ પણ શરૂઆત જ છે. કોઈપણ રીતે મૃત્યુ એ અંત તો નથી જ. મૃત્યુમાં શરીરનો ત્યાગ કરવામાં આવે છે પરંતુ આત્માની યાત્રા ચાલુ જ રહે છે. त्यकत्वा कलेवरम ।

શ્રી અરવિન્દ

(Cent. ed. Vol. 13, P. 280)

પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

ડિસેમ્બર – ૨૦૨૨ વર્ષ : ૦૮ અંક : ૧૨

અનુક્રમ

અમરત્વની શોધ

મૃત્યુનો ડર અને એના પર વિજય પ્રાપ્ત કરવાની ચાર પદ્ધતિઓ	૦૬
અમરત્વ શું છે ?	૧૩
પુરાણશાસ્ત્રોમાં અમરત્વ	૧૭
દિવ્યીકરણ પામેલ અમર શરીરની શક્યતા	૨૫

ઉપસંહાર

અમરત્વ	૩૫

*

વૃત્ત વિશેષ	૪૦

*

તંત્રી નોંધઃ જીવન અને મૃત્યુ

જીવન, મૃત્યુ - મૃત્યુ, જીવન; આ બે શબ્દોએ યુગોથી નેતૃત્વ કર્યું છે આપણા વિચાર અને આપણી ચેતનાનું. અને બે નિશ્ચિતપણે વિરોધાભાસો રૂપે પ્રત્યક્ષ થયા છે; પરંતુ હવે લાંબા સમયથી છુપાયેલાં પૃષ્ઠો ખૂલ્યાં છે, એ પૃષ્ઠોએ અકલ્પિત સ્વપ્નોને સ્વતંત્રતા બક્ષી છે. માત્ર જીવન છે, અથવા મૃત્યુ એ છે છદ્મવેશી જીવન, જીવન એ છે ટૂંકું મૃત્યુ; જીવન આપણને ફરી આશ્ચર્યચકિત કરી દે ત્યાં સુધીનું.

*



મૃત્યુનો ભય

(સવૈયો)

સ્વૈરવિહારી મૃત્યુ આપણાં જીવન મધ્યે થઈ ભ્રમંત,
મધુર મૃત્યુ કામે લાગ્યું છે, શ્વાસ શ્વાસ આપણા શ્વસંત.
કેમ ડરો છો એનાથી ? મુખ જુઓ એહનું હાસ્ય ભરેલ,
ફૂલ ગુલાબી પૂરું પ્રમુદિત ચારુ વિનોદોએ વિકસેલ.
વસંતની વર્ષાએ તાજા મધુર મધુર ગુલશન મોઝાર,
સદય હૃદયની સુંદર બાલા ફૂલ વીણતી ત્યમ ફરનાર.
તમે પામતા ભય આનાથી, દ્વારપાલિકા ઉજ્જ્વલદેહ
જ્યોતિતણાં ભુવનોનાં દ્વારો આત્મા અર્થ ઉઘાડે જેહ.
કુમળામાં કુમળો કર જ્યારે પુષ્પવૈભવો ચોરી જાય,
ત્યારે દાંડીને જે થાયે દુઃખ તે સમું આય જણાય?
કે આથી, જે એવી સુંદર ડાળી તે અવ પુષ્પવિહીન
ઢળી જાય છે મ્લાન થઈને, પ્રેત સમી દેખાવે દીન?
કે હિંમત વણના હે દુર્બળ જીવો ! ઊઘડતાં એ દ્વાર
કરે કારમો કર્કશ રવ તે કંપાવે તમને તે વાર ?
મૃત્યુ માત્ર છે વસ્ત્રવિપર્યય કરી વાટ જોવાની ખાસ
વિવાહના વસ્ત્રો પ્હેરીને શાશ્વતના દરવાજા પાસ.

(CWSA 2 : 219) **અનુ. શ્રી પૂજાલાલ**

(શ્રી અરવિન્દનાં કાવ્યો પૃ. ૨૧૦)

મૃત્યુનો ડર અને એના પર વિજય પ્રાપ્ત કરવાની ચાર પદ્ધતિઓ

ડર છે મોટામાં મોટો અવરોધ

સામાન્ય રીતે કહીએ તો માણસની પ્રગતિને રોકનારું સૌથી મોટું વિઘ્ન કોઈ હોય તો તે કદાચ ભય છે. આ ભય ઘણી વિવિધ રીતનો, અસંખ્ય પ્રકારનો હોય છે. એમાં વળી આંતર વિરોધી તત્ત્વો પણ હોય છે, એ ભયની પાછળ કોઈ તર્કદૃષ્ટિ નથી હોતી. કોઈ કારણો નથી હોતાં. ઘણી વાર તો તેની પાછળ કોઈ જ બુદ્ધિગમ્ય વસ્તુ હોતી નથી. આ બધા ભયોમાં સૌથી વધુ સૂક્ષ્મ રીતનો અને માણસને સૌથી વધુ વળગી રહેનારો ભય તે મૃત્યુનો ભય છે. આ ભયનાં મૂળ અવચેતનામાં ઊંડે ઊંડે પડેલાં હોય છે અને તે સ્થળેથી તેને નિર્મૂળ કરવો એ એક મહા અઘરી વસ્તુ છે. આપણે એ પણ જોઈ શકીએ છીએ કે એ ભય પરસ્પરમાં ભળી જતાં ઘણાંએક તત્ત્વોનો બનેલો છે. માણસમાં હંમેશાં એક સંરક્ષણ વૃત્તિ કામ કરે છે, ચેતનાનું સાતત્ય જાળવી રાખવાને માટે આત્મ-રક્ષણ કરવાની માણસને હમેશાં ઇંતેજારી રહે છે. એ ઇંતેજારી તેને હરેક અજાણી વસ્તુ તરફથી પાછો ધકેલી મૂકે છે. કોઈ અણધારી અને ગણાતરી બહારની વસ્તુ આવી પડતાં માણસ બેચેની અનુભવવા લાગે છે. અને કદાચ આ બધાની પાછળ, માણસના છેક શરીરના કોષોનાં ઊંડાણમાં એ સહજવૃત્તિ પણ છુપાઈ રહેલી હોય છે કે મૃત્યુ એ કોઈ અપરિહાર્ય વસ્તુ નથી, જો અમુક શરતો પૂરી કરી શકાય તો મૃત્યુને જીતી પણ શકાય છે. આ બધાં તત્ત્વો પરસ્પર ભળી જઈને આપણામાં ભયનું સર્જન કરે છે. જો કે, ખરી વાત તો એ છે કે આ બધી વસ્તુઓ ઉપર વિજય મેળવવામાં ભય પોતે જ એક મોટું વિઘ્ન બની રહે છે. કેમકે આપણે માત્ર તેજ વસ્તુને જીતી શકીએ કે જેનો આપણને ભય ન લાગતો હોય. અને એ રીતે જોતાં જે માણસને મૃત્યુનો ભય લાગતો હોય છે તેના ઉપર મૃત્યુએ ક્યારનો યે વિજય મેળવી લીધો હોય છે.

તો આ ભયમાંથી કેવી રીતે મુક્ત થઈ શકાય ? એ મુક્તિ મેળવવા માટે આપણે કેટલીક પદ્ધતિઓ અખત્યાર કરી શકીએ છીએ. પરંતુ આ વિષયના વિચારમાં ઊતરીએ તે પહેલાં આ મહા પુરુષાર્થમાં આપણને મદદ રૂપ થઈ પડે તેવા કેટલાક મૂળભૂત વિચારો આપણી નજર સમક્ષ આપણે રાખીશું. **આપણે સૌથી પ્રથમ તો એ જાણવું જોઈએ કે જીવન એ એક અખંડ પદાર્થ છે, અમર વસ્તુ છે.** આ એક અત્યંત મહત્ત્વનું જ્ઞાન છે. **જે નાશ પામે છે તે તો રૂપો છે.** આ અખંડ એકરૂપ જીવનતત્ત્વે જગતમાં અનંત રૂપો ધારણ કરેલાં છે અને એ રૂપોમાં ક્ષણિકતા અને ભંગુરતા રહેલી છે. આપણા મનમાં આ જ્ઞાન આપણે બરાબર સુદૃઢ રીતે હમેશને માટે સ્થાપિત કરી લેવું જોઈએ અને આપણી ચેતનાને આ સર્વ રૂપોથી સ્વતંત્ર રહેનાર છતાં એ રૂપો દ્વારા પોતાનો આવિર્ભાવ કરતા પેલા શાશ્વત જીવન સાથે આપણાથી બને તેટલી એકરૂપ કરી લેવી જોઈએ. આપણામાં

આ જ્ઞાન સ્થિર થઈ જતાં આપણને એક અત્યંત આવશ્યક એવી માનસિક ભૂમિકા પ્રાપ્ત થાય છે અને એ ભૂમિકા ઉપરથી આપણે આ પ્રશ્નનો સામનો કરવાનો છે, કેમકે એ પ્રશ્નનું અસ્તિત્વ પણ એ મનોમય ભૂમિકામાં જ છે. આપણી આંતર ચેતના ભય માત્રથી પર થઈ જવાય એટલો પ્રકાશ પામી ગઈ હોય તો પણ આ ભય આપણા શરીરના કોષોની અંદર જઈને પણ સંતાઈ રહેતો હોય છે. ત્યાં, શરીરના કોષોમાં તે એક અસ્પષ્ટ રૂપે પડી રહે છે, આપણી બુદ્ધિની નજર ચુકાવીને તે આપોઆપ જ પોતાની ક્રિયા કરતો રહે છે. એની ક્રિયાઓ ઘણી વાર તો લગભગ અચેતન રીતની જ હોય છે. આ અંધારાં ઊંડાણોમાંથી આપણે આ ભયને શોધી કાઢી તેને પકડમાં લેવાનો છે. અને તેના ઉપર ચૈતન્યનો તથા અટલ શ્રદ્ધાનો પ્રકાશ નાખવાનો છે.

આ રીતે ત્યારે જીવન પોતે તો કદી મૃત્યુ પામતું નથી, માત્ર તેનાં બાહ્ય રૂપોનું જ વિસર્જન થાય છે. આપણી સ્થૂલ ચેતના આ રૂપોના વિસર્જનથી ડરે છે. પણ આપણે એ વાત ધ્યાનમાં રાખી શકીએ કે આ બાહ્ય રૂપ એ તો એક સતત બદલાતી વસ્તુ છે. તેમ જ એના આ સતત પરિવર્તનની ક્રિયાને તમે હંમેશાં પ્રગતિની દિશામાં જ ગતિ કરતી કરી શકો તો તે ગતિને પણ કોઈ અટકાવી શકે તેમ નથી. **મૃત્યુની ઘટનાને તમારે અનિવાર્ય તરીકે મટાડવી હોય તો તે માટેનું એકમાત્ર સાધન તે આ જ છે : શરીરની પરિવર્તનની ક્રિયાને તમે પ્રગતિશીલ રૂપની બનાવો.** પરંતુ આવું પરિવર્તન સિદ્ધ કરવું એ એક અતિ કઠન કાર્ય છે. એને માટે જે શરતો પૂરી થવી જોઈએ તે અલ્પ માણસો જ કરી શકે તેમ છે. આમ મૃત્યુના ભયને જીતવાની પદ્ધતિ પ્રત્યેક પરિસ્થિતિમાં, તેમ જ હરેક માણસની ચેતનાની અવસ્થા મુજબ જુદી જુદી રીતની રહેશે. આ બધી પદ્ધતિઓને ચાર મુખ્ય વિભાગમાં વહેંચી શકાય તેમ છે, વળી એ દરેક વિભાગમાં પણ પાછી બીજી ઘણી વિવિધ પદ્ધતિઓનો સમાવેશ થાય છે. જોકે ખરું જોતાં તો આ માટે દરેક માણસે પોતે જ પોતાની આગવી પદ્ધતિ ઉપજાવવાની રહે છે.

ડરને બુદ્ધિથી દૂર કરો

આ પદ્ધતિઓમાંથી પ્રથમ પદ્ધતિ આપણે બુદ્ધિ દ્વારા પ્રયોજી શકીએ છીએ. આપણી બુદ્ધિને તે સ્વીકાર્ય બને તેવી હોય છે. તમે કહી શકો છો કે અત્યારે જગત જે રીતનું છે તે જોતાં મૃત્યુ એ એક અનિવાર્ય જેવી ઘટના છે. જે શરીર જન્મ પામેલું છે તે કોઈ ને કોઈ દિવસ મૃત્યુ પામવાનું જ છે અને લગભગ દરેક માણસનું મૃત્યુ જે વખતે થવાનું હોય છે તે જ વખતે આવીને ઊભું રહેવાનું છે. તેના આગમનને તમે એક ક્ષણ વહેલું કરી શકવાના નથી, તેમ જ એક ક્ષણ પાછું પણ ઠેલી શકવાના નથી. કોઈને જલદી જલદી મરી જવું હોય છે તો પણ, તેણે મૃત્યુ માટે કેટલો યે વખત રાહ જોવી પડે છે અને કોઈને મરવું નથી હોતું. મરણનો પુષ્કળ ડર લાગતો હોય છે તો પણ, તે માણસ મૃત્યુથી બચવા માટે ગમે તેટલી સાવચેતીઓ રાખે છે છતાં મૃત્યુનો પંજો તેના ઉપર એકાએક અણધાર્યો આવીને પડે જ છે. આમ હરેક માણસના મૃત્યુની ઘડી જાણે કે અફર રીતે લખાઈ ચૂકેલી દેખાય છે. આમાં

માત્ર જેમની પાસે સામાન્ય માણસના કરતાં કાંઈ વિશેષ અસાધારણ શક્તિઓ હોય છે તેવા વિરલ મનુષ્યો જ અપવાદ રૂપે હોઈ શકે છે. આ સ્થિતિમાં બુદ્ધિ આપણને એ વાત શીખવે છે કે જે વસ્તુને આપણે ખાળી શકતા નથી તેનાથી બીવું એનો કશો જ અર્થ નથી. માણસ પાસે તો માત્ર એક જ રસ્તો છે, અને તે એ કે મૃત્યુ થવાનું જ છે એ વિચારનો સ્વીકાર કરી લેવો અને ભવિષ્યમાં શું થવાનું છે તેની ચિંતા કર્યા વિના પોતે જે કાંઈ ઉત્તમ કાર્ય કરી શકે તે રોજબરોજ, ક્ષણે ક્ષણે શાંતિથી કર્યે જવું. જે બુદ્ધિપ્રધાન માણસો બુદ્ધિના નિયમો પ્રમાણે વર્તન કરવાને ટેવાયેલા હોય છે તેમને માટે આ પદ્ધતિ બહુ જ અસરકારક નીવડે તેવી છે. પરંતુ જે લોકો લાગણીપ્રધાન છે, લાગણીઓમાં અને લાગણીઓના કાબૂ હેઠળ જ જીવતા હોય છે તેમને માટે આ પદ્ધતિ એટલી બધી અસરકારક નીવડશે નહિ. આવા લોકોએ પછી બીજી પદ્ધતિનો આશ્રય લેવો જોઈએ.

ચૈત્ય પુરુષની શોધ

આ બીજી પદ્ધતિ તે આંતર નિરીક્ષણની પદ્ધતિ છે. આપણી સર્વ લાગણીઓથી ઉપર, આપણા સ્વરૂપનાં નીરવ અને શાંત ઊંડાણોમાં એક પ્રકાશ અખંડ પ્રકાશમાન બેઠેલો છે. એ છે અંતરાત્માની ચેતનાનો — ચૈત્ય ચેતનાનો પ્રકાશ. આ પ્રકાશની શોધમાં નીકળો, એના ઉપર એકાગ્રતા સાધો. તમારી અંદર એ બેઠેલો છે. તમે બરાબર ખંતીલા સંકલ્પથી મંડ્યા રહેશો તો અવશ્ય એ તમને મળી આવશે. એ પ્રકાશમાં દાખલ થતાં વેંત જ તમારામાં અમૃતત્વનું ભાન જાગૃત થશે. તમને લાગશે કે તમે હંમેશાં જીવતા રહેલા છો અને સદા યે જીવંત રહેવાના છો. આ જ્ઞાન થતાં તમે હવે તમારા શરીરથી સંપૂર્ણ સ્વતંત્ર બની રહો છો. તમારું સચેતન જીવન હવે તમારા શરીર ઉપર આધાર નથી રાખતું. તમે જુઓ છો કે તમે તો અનેક શરીરો મારફતે તમારો આવિર્ભાવ કરતા રહેલા છો અને તમારું આ શરીર તે એ અનેક નાશવંત શરીરોમાંનું એક છે. મૃત્યુ એ હવે કોઈ શૂન્યમાં લય નથી, એ તો માત્ર એક અવસ્થાન્તર છે. આ જ્ઞાન થતાં વેંત જ ભય અદૃશ્ય થઈ જાય છે અને તમે મુક્ત મનુષ્ય બનીને, એ મુક્તિનો સ્વસ્થ વિશ્વાસ ધારણ કરીને જીવનમાં આગેકૂચ કરવા લાગો છો.

શ્રદ્ધાની પદ્ધતિ

ત્રીજી પદ્ધતિ તે શ્રદ્ધાનો માર્ગ છે. જે લોકોને પ્રભુમાં શ્રદ્ધા હોય છે, પોતાના ઈષ્ટ દેવને ચરણે જેમણે પોતાનું સમસ્ત જીવન અર્પણ કરી દીધું હોય છે તેવા લોકો આ પદ્ધતિનો આશ્રય લઈ શકે છે. આવા ભક્તો તે પૂરેપૂરા પ્રભુના જ બની ગયેલા હોય છે. તેમના જીવનમાં બનતી સર્વ ઘટનાઓ તે પ્રભુના દિવ્ય સંકલ્પનો જ આવિર્ભાવ હોય છે. એ ઘટનાઓને તેઓ એક શાંતિમય સમર્પણપૂર્વક સ્વીકારી લે છે, એટલું જ નહિ પણ તે બદલ તેઓ એક કૃતજ્ઞ ભાવ પણ અનુભવે છે. કેમકે, એ લોકોને તો એ શ્રદ્ધા બેસી ચૂકી હોય છે કે પોતાના જીવનમાં જે જે કાંઈ બને છે તે તેમના ભલાને ખાતર જ બનતું હોય છે. આવા મનુષ્યોને પોતાના પ્રભુમાં, એ પ્રભુ સાથેના અંગત સંબંધમાં એક ગૂઢ વિશ્વાસ હોય છે. એમણે પોતાની સંકલ્પશક્તિને સંપૂર્ણપણે પ્રભુની સંકલ્પશક્તિના હાથમાં સોંપી

દીધેલી હોય છે અને પોતાને જીવન રૂપી કે મૃત્યુ રૂપી ભલે ગમે તેટલા અકસ્માતો પ્રાપ્ત થતા રહે તો પણ તેઓને પ્રભુના અવિકારી પ્રેમનો તથા સતત રક્ષણનો અનુભવ થતો રહે છે. તેમને એ એક અખંડ અનુભૂતી રહેતી હોય છે કે પોતે પોતાના પ્રિયતમનાં ચરણોમાં પૂર્ણ સમર્પણપૂર્વક વસી રહેલા છે, એ પ્રિયતમના બાહુમાં લપાઈ રહેલા છે અને ત્યાં તેઓ સંપૂર્ણ રીતે સુરક્ષિત છે. તેમની ચેતનામાં હવે ભયને, ચિંતાને કે દુઃખને લેશ પણ સ્થાન હોતું નથી. તેમનામાંથી એ બધી વસ્તુઓ ચાલી ગયેલી હોય છે અને એક સ્વસ્થ અને પ્રસન્ન આનંદમયતા તેમનામાં આવેલી હોય છે. પરંતુ આવા પરમ ભક્ત બનવાનું સદ્‌ભાગ્ય હરેક માણસનું નથી હોતું.

યોદ્ધાની રીત

અને હવે આપણે છેલ્લી પદ્ધતિ જોઈએ. એ છે સંગ્રામની પદ્ધતિ, અને જે જન્મથી જ યોદ્ધા હોય તેવાને માટે જ તે કામની છે. આવા મનુષ્યો જીવનને છે તેવું ને તેવું સ્વીકારી શકતા નથી. પોતે અમૃતત્વને મેળવવાને જન્મેલા છે, એક પૂર્ણ અમૃતત્વને અને તે આ પૃથ્વી ઉપર, આ વાત તેમની નસોમાં ધબકી રહેલી હોય છે. એમનામાં એક પ્રકારનું એવું સહજ જ્ઞાન હોય છે કે મૃત્યુ એ તો આપણને પડેલી એક ખોટી ટેવ છે અને તેને જીતવાનો નિશ્ચય કરીને તેઓ જન્મેલા લાગે છે. પરંતુ આ વિજય મેળવવો એ એક મહા વિષમ કાર્ય છે. એ માટે એક ઘણા ઉગ્ર અને સૂક્ષ્મ પ્રકારના શત્રુઓની સેના સામે મરણતોલ જંગ ખેલવાનો રહે છે. અને આ જંગ તે સતત, કહો કે હર પળે ખેલવાનો રહે છે. જેનામાં કોઈ મહાન અદમ્ય આત્મા આવેલો હોય તેવા માણસે જ આ જંગ માટેનું બીડું ઝડપવું જોઈએ. આ યુદ્ધ અનેક મોરચાઓ ઉપર તેમ જ જુદી જુદી ભૂમિકાઓ ઉપર ખેલાતું હોય છે, અને એ ભૂમિકાઓ એકબીજામાં ભળી જતી હોય છે, તેમ જ એકબીજાની પૂરક પણ હોય છે.

યુદ્ધ મનમાં ખેલવાનું છે

આ પદ્ધતિમાં આપણે જે પ્રથમ લડાઈ ખેલવાની આવે છે તે પોતે જ એક મહા ભીષણ લડાઈ છે. એ લડાઈ આપણા મને જગતમાં પડેલા એક પ્રચંડ સૂચન સામે ખેડવાની છે. એ સૂચન આખા યે માનવસમુદાયમાં વ્યાપી રહેલું છે, એ સૂચન મહા પ્રચંડ છે, મહાકાય છે, દુર્ધર્ષ છે, માણસને ગૂંગળાવી નાખે તેવું, વિવશ કરી નાખે તેવું છે. માનવજાતિના હજારો વર્ષોના અનુભવમાંથી તેનો જન્મ થયેલો છે. કુદરતના એક એવા નિયમને આધારે તે સરજાયું છે કે જે નિયમમાં હજી સુધી કોઈ અપવાદ બનતો દેખાયો નથી. એ સૂચન પોતાની વાત આ રીતે ભારપૂર્વક રજૂ કરે છે : જુઓ ભાઈ, આ વાત તો હંમેશાં બનતી જ આવેલી છે. એમાં કાંઈ મીનમેખ થઈ શકે તેમ જ નથી. મૃત્યુ તો એક અનિવાર્ય ઘટના છે અને એની અનિવાર્યતાને તમે મટાડી શકો એવી આશા રાખવી એ તો ગાંડપણ છે. આ રીતનો સૂર આખું યે જગત એક મતે કાઢી રહેલું છે. આજ સુધીના આપણા કોઈ મહાનમાં મહાન વિદ્વાને પણ આની સામે વિરોધનો સૂર ઉચ્ચાર્યો નથી કે ભાવિ માટે કોઈ આશા ઉદ્‌ગારી નથી. જગતના ધર્મોમાંથી તો ઘણાખરાએ મૃત્યુની હકીકતના આધાર

ઉપર જ પોતાની બધી શક્તિ વિકસાવેલી છે. ધર્મો તો એમ જ કહેતા રહેલા છે કે માણસને પ્રભુએ મર્ત્ય બનાવેલો છે અને એટલે માણસ મૃત્યુ પામે એ પ્રભુની જ ઈચ્છા છે. ઘણા ધર્મો તો મૃત્યુને મુક્તિના અને મોક્ષના દ્વાર તરીકે પણ વર્ણવે છે અને કોઈ વાર તો મૃત્યુ ઈનામ રૂપે પણ મળે છે એમ સમજાવે છે. એમનો આદેશ તો આ રીતે આવે છે કે, હે માનવ, પરમાત્માની ઈચ્છાને તું મસ્તક નમાવીને સ્વીકારી લે. લેશ પણ વિરોધ કર્યા વિના મૃત્યુના વિચારને અંગીકાર કરી લે. અને તને શાંતિ અને સુખ મળશે. પરંતુ આ બધાં સૂચનોની સામે લડી લઈને આપણા મને પોતાને થયેલી અમૃતત્વની પ્રતીતિમાં અવિચલ રહેવાનું છે. અને એક મહા અણનમ સંકલ્પશક્તિ ટકાવી રાખવાની છે. જે મનુષ્ય મૃત્યુને જીતવાનો નિશ્ચય કરે છે તેના ઉપર આવાં સૂચનોની કશી અસર થતી નથી, પોતાને મળેલા ગંભીર આંતર દર્શનમાંથી તેનામાં જે અવિચલ શ્રદ્ધા બંધાઈ હોય છે તે શ્રદ્ધાને આવાં સૂચનો કશી આંચ લગાડી શકતાં નથી.

લાગણીઓની લડાઈ

બીજી લડાઈ તે લાગણીઓના મોરચા પર લડવાની લડાઈ છે. જીવનમાં આપણે જે જે વસ્તુઓ સર્જેલી છે, જે જે વસ્તુને આપણે ચાહેલી છે તે સર્વ પ્રત્યેની આપણી સારી યે આસક્તિ સામે આ લડાઈ છે. જીવનમાં મહામહેનતે, અથવા કદીક તો કોઈ પ્રચંડ પુરુષાર્થને પરિણામે તમે તમારું ઘર સર્જ્યું હોય છે, તમારી કારકિર્દી બાંધી હોય છે, સમાજમાં, સાહિત્યમાં, કળામાં, વિજ્ઞાનમાં કે રાજકારણમાં તમે ઘણું ઘણું કાર્ય કર્યું હોય છે. તમારી આસપાસ તમે સગાંસ્નેહીઓનું, મિત્રોનું, સાથીદોરોનું, એક આખું મંડળ ભેગું કર્યું હોય છે, અને તેના કેન્દ્ર રૂપે તમે વિરાજતા હો છો. તમારા જીવનનો તમે વિચાર કરો છો ત્યારે તમને જણાય છે કે તમારા ચિત્ત-તંત્રમાં જેટલા તમે પોતે રમતા હો છો તેટલાં જ આ બધાં પણ રમતાં હોય છે. એ બધાંને જો તમારી પાસેથી હઠાવી લેવામાં આવે તો તમે જોશો કે તમે જાણે સાવ શૂન્ય બની ગયા છો, જાણે કે તમારા પોતાના સ્વરૂપનો જ એક અત્યંત અગત્યનો અંશ અદૃશ્ય બની ગયો છે.

તમારે આ બધી વસ્તુઓ તજી દેવી જોઈએ એવો તો કોઈ પ્રશ્ન નથી. કારણ કે એ બધામાંથી તો, અથવા કાંઈ નહિ તો એમાંની મોટા ભાગમાંની વસ્તુઓમાંથી તો તમારા જીવનની ભૂમિકા બંધાયેલી છે. આ બધું તો તમારા જીવનના એક લક્ષ્ય તરીકે, ધ્યેય તરીકે રહેલું છે. આમાં જે તજવાનું છે તે તો આ વસ્તુઓ પ્રત્યેની આસક્તિ છે. એ આસક્તિ ચાલી જતાં તમે જોશો કે તમારામાં એ વસ્તુઓ વિના પણ જીવન ગાળવાની શક્તિ ઉદય પામે છે, અથવા તો આ બધાં જો તમને મૂકીને ચાલ્યાં જાય તો તમે બધા સંયોગો હેઠળ પણ તમારા માટે એક નવું જીવન ફરીથી ઊભું કરી શકો છો, અને જીવનનું આવું નવવિધાન તમે હરહમેશ કરતા રહી શકશો. આ છે અમૃતત્વની પ્રાપ્તિનું પરિણામ. આ એક એવી અવસ્થા હોય છે કે જેમાં તમે હરકોઈ વસ્તુ ખૂબ જ કાળજીપૂર્વક, ધ્યાનપૂર્વક પ્રયોજિત કરી શકો છો, અમલમાં લાવી શકો છો અને છતાં તે વસ્તુ અંગેની

કામના અને આસક્તિમાંથી તમે મુક્ત રહી શકો છો અને આ વસ્તુ જ ખાસ મહત્ત્વની છે. તમારે જો મૃત્યુમાંથી મુક્ત રહેવું હોય તો પછી કોઈ પણ નાશવંત વસ્તુની અંદર તમે તમારી જાતને બંધાઈ જવા ન જ દઈ શકો.

લાગણીઓ પછી આવે છે સંવેદનોનો પ્રશ્ન. આ મોરચા પરનો જંગ તો ખરેખર ભયંકર છે. તમારી સામેના શત્રુઓ પણ અહીં મહા બળવાન છે. તમારી નાનામાં નાની નબળાઈઓ આ શત્રુની જાણમાં હોય છે અને તમારો જે કોઈ ભાગ ખુલ્લો અરક્ષિત પડેલો હોય છે ત્યાં ત્યાં તેઓ પ્રહાર કરતા જ રહે છે. આ મોરચા ઉપર તમે કોઈ વિજય મેળવો તો પણ તે ક્ષણિક પ્રકારનો જ વિજય નીવડે છે. અહીં તમારે એકની એક લડાઈ અનેક વાર, અનંત કાળ સુધી લડવાની રહે છે. તમે જે શત્રુને જિતી લીધેલો ગણતા હો છો તે જ શત્રુ ફરી ફરીને પાછો ઊભો થાય છે અને તમારા પર હુમલા કરતો રહે છે. તમે જોશો કે આ પૃથ્વી ઉપર બની રહેલા બનાવો, જીવનમાં તમને થતા રોજે રોજના અનુભવો એ બધું તમારાથી હમેશ વિરોધમાં જ જતું રહે છે ત્યારે તમારા ઉપર અતિશય ગ્લાનિ ચડી આવે છે, તમારો ઉત્સાહ ઓસરી જાય છે, જગત તમને સતત જાકારો આપતું રહે છે, તમને નિરાશા અને પરાજય મળતાં રહે છે. આ બધામાંથી પસાર થવા માટે તમારી પાસે એક પ્રચંડ ચારિત્ર્યબળ હોવું જોઈશે, તમારામાં એક અણથક સહનશક્તિ, અપાર તિતિક્ષા હોવી જોઈશે.

અને આપણે હવે આ સંગ્રામના સૌથી ભીષણ મોરચા ઉપર આવીએ છીએ, એ છે જડતત્ત્વ સાથેની લડાઈ. આ લડાઈ આપણા શરીરની અંદર જ ખેલાઈ રહેલી છે. એ જંગ લેશ પણ વિરામ વિના, સુલેહના નામ પણ વિના ભયંકર રીતે ખેલાઈ રહેલો છે. માણસનો જન્મ થવાની સાથે જ એ લડાઈ શરૂ થઈ જાય છે, અને એ લડાઈના બે પક્ષોમાંથી કોઈ એકનો — રૂપાંતર વિધાયક શક્તિ અને વિસર્જનકારક શક્તિ એ બેમાંથી કોઈ એકનો પરાજય થાય ત્યારે જ તેનો અંત આવી શકે છે. હું કહી ગઈ કે આ લડાઈ જન્મની સાથે જ શરૂ થઈ જાય છે, કારણ કે હકીકત એ છે કે આ સર્જક અને વિસર્જક શક્તિઓ તમે જગતમાં પ્રવેશ કરો છો તે જ ક્ષણેથી તમારામાં લડવા લાગી જાય છે. હા, આ સંગ્રામ સભાન અને સજ્ઞાન રીતે તો બહુ મોડેથી ખેલાવા લાગે છે. માણસના શરીરમાં જે જે કાંઈ અસ્વસ્થતા, બીમારી, વિકૃતિઓ, અકસ્માતો આવે છે તે બધું ખરું જોતાં આ વિસર્જક શક્તિની ક્રિયાનું જ પરિણામ હોય છે. અને એથી ઊલટું, આપણા શરીરમાં ચાલી રહેલી વૃદ્ધિની ક્રિયા, શરીરનો સુમેળભર્યો વિકાસ, વિરોધી શક્તિઓનો સામનો, રોગનું નિવારણ, બગડેલી શારીરિક ક્રિયાઓ પાછી નૈસર્ગિક અવસ્થામાં આવી જવી, અને આમ પ્રગતિની દિશામાં લઈ જતા હરેક પ્રકારના સુધારા એ બધું પેલી રૂપાંતર વિધાયક શક્તિની ક્રિયાનું જ પરિણામ છે. આગળ જતાં, તમારા જીવનમાં જ્યારે ચેતનાનો વિકાસ થાય છે ત્યારે આ લડાઈ વધારે સભાન રીતનું સ્વરૂપ લે છે. આ બે વિરોધી શક્તિઓ વચ્ચે જીવ સટોસટની હરીફાઈ શરૂ થઈ જાય છે. આ બેમાં કઈ શક્તિ, રૂપાંતરક શક્તિ કે મૃત્યુની શક્તિ શરતને છેડે પહેલી પહોંચી જાય છે

અને પોતાનું ધ્યેય સર કરી લે છે તેની તીવ્ર સ્પર્ધા જામે છે. અને આ એક અખંડ જેહમતનું કામ બની રહે છે. તમારે પુનર્જીવનની શક્તિને નીચે લઈ આવવા માટે, એ શક્તિને તમારા શરીરના કોષોમાં ધારણ કરવાની શક્તિમાં વૃદ્ધિ કરવા માટે એક સતત એકાગ્રતા સાધવાની રહે છે. વિનાશ અને વિસર્જનનાં બળોની મહાવિનાશક ક્રિયાની સામે તમારે કદમે કદમે, એક એક બિંદુ પર લડાઈ આપવાની રહે છે. વળી, આ ઊર્ધ્વની ગતિ માટે તૈયાર હોય તેવી સર્વ વસ્તુઓને તમારે આ વિનાશક શક્તિની પકડમાંથી મુક્ત કરી લેવાની રહે છે. એ બધાની અંદર તમારે પ્રકાશ મૂકવાનો રહે છે, તેમને વિશુદ્ધ અને સુદૃઢ કરવાની રહે છે. આમ આ એક અંધારામાં ખેલાઈ રહેલો મહા જિદ્દી સંગ્રામ છે. ઘણી વાર તો એનું કોઈ જ પરિણામ દેખીતી રીતે નજરમાં આવતું નથી. તમને થોડો ઘણો વિજય મળ્યો હોય તો પણ તેનું કોઈ બાહ્ય ચિહ્ન જોવામાં આવતું નથી, વિજય થવાનો જ છે એવી કશી ખાતરી વરતાતી નથી. કેમકે, આ આખી યે વસ્તુ તમારે ફરી ફરીને કર્યે જવાની રહે છે. તમે એક સ્થળે એક કદમ આગળ વધો છો તો બીજે સ્થળે તમારે માટે કોઈ પીછેહઠ ઊભેલી જ હોય છે. આજનું કરેલું કામ આવતી કાલે હતું ન હતું થઈ જાય છે. અર્થાત્, આપણને આખરી વિજય મળી ચૂક્યો છે, પાકો અને હમેશને માટે, એમ તો જ્યારે આખો યે સંગ્રામ પૂરેપૂરો જિતાઈ જાય ત્યારે જ કહી શકાય તેમ છે. અને આ બધું થતાં સમય લાગે છે, ઘણો સમય લાગે છે. વરસ પર વરસ, એક પછી એક, અવિરામ, વહ્યાં જ જાય છે અને સાથે સાથે વિરોધી શક્તિઓનું બળ પણ વધ્યે જાય છે.

આ આખી યે લડાઈ દરમિયાન ચેતના, ખાઈમાં ઊભેલા પહેરેગીરની માફક ખડે પગે ઊભી રહે છે. તમારે મોરચા પર ગમે તે ભોગે અચલ અને અલગ ટકી રહેવાનું છે. એક પણ રૂંવું ફરકવા દીધા વિના, નિર્ભયપણે, ક્ષણ પણ અસાવધ થયા વિના તમારે ઝૂઝ્યે જવાનું છે. તમારા ધ્યેયમાંથી તમારી શ્રદ્ધા લેશ પણ ચલિત થવા દેવાની નથી. ઊર્ધ્વમાંથી આવી તમને પ્રેરતી અને ટકાવતી સહાયમાં અવિચલ વિશ્વાસ રાખવાનો છે. લડાઈમાં જે વધુમાં વધુ સમય ટક્કર ઝીલી શકે છે તેને જ વિજય વરે છે.

મૃત્યુના ભયને જીતવાનો આ ઉપરાંત એક બીજો માર્ગ પણ છે. પરંતુ એ માર્ગ બહુ ઓછા માણસોને સુલભ હોઈ અહીં તેનો ઉલ્લેખ માત્ર એક માહિતી રૂપે કરી લઈએ છીએ. એમાં તમે જીવનમાં હો તે દરમિયાન જ સભાન રીતે અને સજ્ઞાન રીતે મૃત્યુના પ્રદેશમાં દાખલ થાઓ છો અને ત્યાં જઈ આવીને પાછા સ્થૂલ શરીરમાં પાછા ફરો છો, એ શરીરમાં આવી જાઓ છો અને પૂરી સમજપૂર્વક સ્થૂલ જીવનમાં ગતિ કરવા લાગો છો. પરંતુ આ કાર્ય આદરવા માટે તો માણસે દીક્ષા મેળવવાની રહે છે.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ - ૧૨, પૃ. ૧૦૨થી ૧૧૦)

*

અમરત્વ એટલે શું?

દેહના મૃત્યુ પછી પણ મનોમય વ્યક્તિતા ટકી રહે તે કાંઈ અમરતા નથી; જો કે એ પણ સાચું છે, પણ ખરી અમરતા તો આ દેહ, જે અજન્મા અને અમર આત્મસ્વરૂપનું કેવળ કિરણ અને પડછાયો માત્ર છે તે આત્મસ્વરૂપને જાગ્રતપણે ધારણ કરવામાં રહેલી છે. (૯)

પરંતુ આને કાંઈ શ્રી અરવિન્દ જેને અમરત્વ કહે છે તે ન કહેવાય. અમરત્વ એવા જીવનને કહેવાય કે જેને આદિ કે અંત ન હોય, જે જન્મ્યું ન હોય તેમ જ મરતું ન હોય અને દેહભાવથી તદ્દન સ્વતંત્ર હોય. એવું જીવન તો આત્મસ્વરૂપમાં, દરેક વ્યક્તિના સત્ય સ્વરૂપમાં રહેલું હોય છે અને એ સ્વરૂપ, વિરાટ આત્મસ્વરૂપથી ભિન્ન હોતું નથી. અને આ સત્ય સ્વરૂપમાં પોતાની વિરાટ આત્મસ્વરૂપ સાથેની એકતા હોવાનું ભાન રહેલું હોય છે. ખરું જોતાં તો, એ સત્યસ્વરૂપ, વિરાટ સ્વરૂપનો પુરુષધારી વ્યક્તિતાવાળો, આવિર્ભાવ માત્ર હોય છે; એને કોઈ આદિ કે અંત હોતો નથી, જીવન કે મૃત્યુ હોતાં નથી, એ શાશ્વતપણે અસ્તિત્વમાં હોય છે અને માટે જ અમર હોય છે. જ્યારે આપણે આ આત્મસ્વરૂપ વિશે સભાન બનીએ છીએ ત્યારે આપણે શાશ્વત જીવનમાં ભાગ લેતાં થઈએ છીએ અને માટે જ આપણે અમર થઈએ છીએ. (CWM : 12 : 82 & 87)

*

અમરત્વ વિશે સમજ કેળવવી

પરંતુ સામાન્ય રીતે, આ ''અમરત્વ'' શબ્દને સમજવામાં કાંઈક ગોટાળો કરવામાં આવે છે. આમ બનવું એ કોઈ નવી વાત નથી, આવું તો ઘણી વાર બને છે; જ્યારે કોઈ માણસ અમરતાની વાત કરે છે ત્યારે ઘણાખરા લોકો એમ સમજે છે કે આ તો સ્થૂલ શરીરને અનિશ્ચિત સમય સુધી ટકાવી રાખવાની વાત છે.

સૌ પ્રથમ તો, જ્યાં સુધી સ્થૂલ દેહ અમૃતમય આત્મસ્વરૂપ વિશે પૂર્ણપણે સભાન બનીને તેની સાથે સંપૂર્ણ એકતા સિદ્ધ ન કરી લે ત્યાં સુધી એ અનંતકાળ સુધી ટકી શકે નહિ. અને આ એકતા એટલા બધા પ્રમાણમાં સિદ્ધ કરવાની હોય છે કે જેને લઈને આત્મસ્વરૂપમાં વૈશ્વિક ગતિને અનુસરી શકાય તેવી, સતત રીતે પરિવર્તન પામતા રહેવાની ક્ષમતા અને શક્તિ છે તેવી શક્તિ દેહમાં પણ આવી ગઈ હોય – શાશ્વતપણે ટકી રહેવા માટેની આ એક અનિવાર્ય શરત છે. શરીર જડ છે, એ વિરાટ ગતિ સાથે તાલ મિલાવી શકતું નથી, વૈશ્વિક ઉત્ક્રાન્તિ સાથે, સતતપણે એકતા જાળવી રાખવા જેટલી પૂરતી ઝડપે એ પોતાની અંદર પરિવર્તન કરી શકતું નથી – અને માટે જ એનું વિઘટન અને મૃત્યુ થાય છે. દેહ જડ છે, કઠણ છે, એનામાં પરિવર્તન પામતા રહેવાની શક્તિ નથી હોતી. એટલે એને વિનાશ પામવું પડે છે. અને પોતામાં રહેલા પદાર્થને, સામાન્ય

ભૌતિક પ્રકૃતિમાં રહેલા પદાર્થસંગ્રહમાં પાછો સોંપવો પડે છે કે જેથી કરીને એ પોતે નવાં રૂપોમાં પોતાનું સર્જન કરી શકે અને એ રીતે એ પોતે પ્રગતિ કરી શકે. પરંતુ સામાન્ય રીતે, જ્યારે લોકો અમરતાની વાત કરે છે ત્યારે દૈહિક અમરતાની વાત કરતા હોય છે; એ વસ્તુ સારી પેઠે જાણીતી છે કે એવી કોઈ વસ્તુ હજી સુધી સિદ્ધ કરવામાં આવી નથી.

શ્રી અરવિન્દ કહે છે કે આમ થવું શક્ય છે. એ બની પણ આવશે, પરંતુ એમ થઈ શકે તે માટે તેઓ એક શરત મૂકે છે. એ શરત એ છે કે શરીરને અતિમાનસ બનાવવું જોઈએ અને એનામાં અતિમાનસ સ્વરૂપમાં જે નમનીયતા અને સતત પરિવર્તનશીલતાના ગુણો હોય છે તેવા ગુણો પણ આવવા જોઈએ. અને જ્યારે શ્રી અરવિન્દ લખે છે કે શરીર તો એક '**કરણ અને છાયા માત્ર છે' ત્યારે તેઓ, અત્યારે જે પ્રકારના સ્થૂલ દેહ છે અને કદાચ લાંબા સમય સુધી** જે આવા જ રહેવાના છે તેમની વાત કરે છે. આ સ્થૂલ શરીર તો આત્માનું એક સાધન છે, એના સ્વરૂપનો એક અતિશય અપૂર્ણ આવિર્ભાવ છે, એક છાયા છે - અને છાયા એટલે શાશ્વત આત્મ-સ્વરૂપના પ્રકાશ અને સ્પષ્ટતાની સરખામણીમાં કોઈ અસ્પષ્ટ અને તમોગ્રસ્ત વસ્તુ.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૦ પૃ. ૩૧-૩૨)

*

આપણી અંદર રહેલી અમર સંનિધિ

જ્યારે મોટા ભાગના લોકો 'હું' કહીને વાત કરે છે ત્યારે એ તેમનો એક અંશ હોય છે, એમની લાગણીનો, એમના શરીરનો, એમના વિચારોનો, એક તટસ્થ અંશ બોલતો હોય છે; અને એ એક એવી વસ્તુ છે જે હમેશાં બદલાતી રહે છે. એટલે એમનો 'હું' બહુસંખ્યક છે અને એ 'હું' બદલાતા રહે છે. ભીતરમાં સ્થાયીપણે કઈ વસ્તુ રહેલી હોય છે? ... એ તો દેખીતું છે કે એ ચૈત્યપુરુષ છે; કારણ કે સ્થાયી હોવાને માટે વસ્તુ અમર હોય એ જરૂરી છે, નહિ તો એ સ્થાયી ન હોઈ શકે. વળી એ જે અનુભવોમાંથી પસાર થતો હોય તેમનાથી સ્વતંત્ર હોવો જોઈએ. એ અનુભવરૂપી ન હોઈ શકે, એટલે એ ચોક્કસ છે કે નદીનું પાત્ર એ નદી નથી; પાત્ર તો એક પરિસ્થિતિ છે અને જો સરખામણી સહેજ આગળ લઈ જઈએ (આમ તો બધી સરખામણીઓ પણ નકામી છે; લોકોને જે જોઈતું હોય તે તેમાંથી મળી રહે છે) તો એમ કહી શકાય કે નદી એ જીવનનું એક સારું પ્રતીક છે; નદીમાં જે સ્થાયી વસ્તુ તે પદાર્થ 'પાણી' છે. એમાં એનું એ ટીપું હમેશાં હોતું નથી, પણ પાણી હમેશાં હોય છે. પાણી વિના નદી હોત નહિ. માનવજીવમાં જે વસ્તુ સ્થાયી રહે છે તે માનવજાતની ચેતના છે. એનામાં ચેતના છે માટે તે ટકી રહે છે. રૂપો ટકતાં નથી, ટકે છે ચેતના; બધાં રૂપોને સાથે બાંધી રાખનારી, આ બધી વસ્તુઓમાં થઈ પસાર થનારી, કેવળ એમની યાદદાસ્ત રાખીને નહિ, (યાદદાસ્ત તો એક તદ્દન બાહ્ય વસ્તુ છે) પણ ચેતનાનું એનું એજ આંદોલન જાળવી રાખીને. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૪ : પૃ. ૨૦૨)

હા, ચૈત્યિક આ માનવજીવનના અને ચેતનાના ત્રિવિધ સંગઠનની પીઠકમાં રહેલું છે, અને પોતાની અમર ચેતના વડે તેને ટકાવી રહેલું છે. ચૈત્યિકને કારણે જ આપણને સાતત્યનું સ્પષ્ટ ભાન હોય છે. નહિ તો, જો તમે તમારી અત્યારની જાતને ત્રણ વર્ષની ઉમ્મરના હતા ત્યારની સ્થિતિ સાથે સરખાવો, તો ચોક્કસ તમે તમારી જાતને ઓળખી શકો નહિ, શારીરિક રીતે, પ્રાણિક રીતે, અથવા માનસિક રીતે તે બે સ્થિતિઓમાં કોઈ પ્રકારનું સામ્ય ન દેખાય. પણ પીઠમાં ચૈત્યિક છે, જે વિકાસને, અસ્તિત્વની વૃદ્ધિને ટકાવી રાખે છે, ચેતનાને એ સાતત્ય અર્પે છે, પોતે તદ્દન ભિન્ન બની ગયો હોવા છતાં, જે માણસમાં એવી લાગણી પેદા કરે છે કે હું તે જ માણસ છું. જો પાછળથી માણસ પોતાની જાતનું પૂરતું નિરીક્ષણ કરે, તો તે જોઈ શકે કે ત્રણ વર્ષની ઉમ્મરે હું જે વસ્તુઓ સમજી શકતો હતો અને કરી શકતો હતો તે અત્યારે ખ્યાલમાં પણ ન આવે એવી છે; અત્યારે તે માણસ તેવી વસ્તુઓ કદી ન કરી શકે, કારણ કે તે જરા પણ તે જ માણસ રહ્યો નથી. પણ અંદર અમર ચૈત્યિક ચેતના હોવાને કારણે તે માણસને એવી લાગણી થાય છે કે હું તે જ માણસ છું જે પહેલાં હતો, અત્યારે છું. અને ઓછાવત્તાં પ્રગતિમય અને ઓછાવત્તાં સભાન પરિવર્તનો સાથે ભવિષ્યમાં પણ રહેવાનો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : ૨૨૪-૨૨૫)

*

અમરત્વનું અમૃત

દરેક ધાર્મિક સંપ્રદાય પોતાની ખાસ રીતે પ્રભુ તરફ ગતિ કરે છે. અને એ બાબતમાં શ્રી અરવિન્દ સંપ્રદાયોને જુદાં જુદાં વાસણો સાથે સરખાવે છે, પરંતુ તેઓ કહે છે, તમે કયો રસ્તો લો છો એ બહુ મહત્ત્વની વાત નથી. તમારું જે લક્ષ્ય છે એ જ મહત્ત્વની વસ્તુ છે. અને તમે ગમે તે રસ્તો લો પણ લક્ષ્ય તો એક જ રહેવાનું છે. અમૃતને ભલે ગમે તે વાસણમાં ભરવામાં આવ્યું હોય પણ એ પોતે તો એક જ રહેવાનું છે.

કેટલાક કહે છે કે પાત્રની જે સુવાસ હોય છે, તમે જે રીતનો માર્ગ લીધો હોય છે તેને લીધે અમૃતના સ્વાદમાં ફેર પડે છે, એટલે કે પ્રભુ સાથેનું તમારું મિલન એ પ્રમાણેનું ખાસ બને છે. શ્રી અરવિન્દ જવાબ આપે છે : લોકોના માર્ગ જુદા જુદા હોઈ શકે છે અને દરેક વ્યક્તિ પોતાને જે માર્ગ વધુ સારો લાગતો હોય તેમ જ પોતાની રુચિ પ્રમાણેનો હોય તેવો માર્ગ પસંદ કરે છે. પણ છતાં અમૃત પોતે, પ્રભુ સાથેનું મિલન તો હરેક વખતે પોતાની અમૃતત્વની શક્તિ ટકાવી જ રાખે છે.

હવે આમાં જે એમ કહેવામાં આવે છે કે પ્રભુ સાથે મિલન થવાથી આપણને અમૃતત્વની ચેતના મળે છે એનો અર્થ એ છે કે આપણામાં રહેલી ચેતના પેલી અમર વસ્તુ સાથે જોડાય છે અને તેથી પોતે અમર છે એમ અનુભવે છે. જે પ્રદેશોમાં અમૃતત્વ રહેલું છે તેને વિશે આપણે સભાન બનીએ છીએ. પરંતુ આનો અર્થ એમ નથી થતો કે આ રીતનો અનુભવ થવાથી આપણા શરીરનું તત્ત્વ રૂપાંતર પામે છે અને અમર બને છે. શરીરનું અમૃતત્વ

મેળવવા માટે તો આપણે એક બીજી પ્રક્રિયા કરવાની રહે છે. એમાં તમારે પ્રથમ તો આ ચેતના મેળવી લેવાની રહે છે અને પછીથી એ ચેતનાને સ્થૂલ જગતમાં લઈ આવવાની રહે છે. એ ચેતનાને તમારે શારીરિક ચેતનાનું રૂપાંતર કરવા દેવાનું છે, એટલું જ નહિ પણ શરીર રૂપી આ જે પદાર્થ છે તેનું પણ રૂપાંતર કરવા દેવાનું છે. અને આ તો એક ઘણું ભારે કામ છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : પૃ. ૯૧-૯૨)

*

માનવની અંદર ઈશ્વરનો આવિર્ભાવ ચૈત્ય અસર હેઠળ થતો હોય છે. અને એ રીતે અતિમાનવજાતિના આગમનની તૈયારી થઈ રહી છે. ચૈત્યપુરુષ અમર છે, એટલે એના દ્વારા પૃથ્વી ઉપર અમરત્વનો આવિર્ભાવ થઈ શકે.

એટલે હવે મહત્ત્વની વસ્તુ જે છે તે વ્યક્તિએ પોતાના ચૈત્ય પુરુષને શોધી લેવો, એની સાથે એકરૂપ થવું અને એ ચૈત્ય પુરુષને અહંકારનું સ્થાન લઈ લેવા દેવું. અને અહંકારને પોતાની જાતનું પરિવર્તન કરવાની અથવા અદૃશ્ય થઈ જવાની ફરજ પડશે.

(The Mother : Conversation with a Disciple, February 8, 1972)

*

આપણી અંદર રહેલ અમર આત્મા

આત્મા એ પ્રાણ-શક્તિ અને ભૌતિક પદાર્થમાં રહેલો દિવ્ય તણખો છે એ રીતે એનું વર્ણન થયેલું છે, એ છે કલ્પન. એનું વર્ણન ચેતનાના તણખા તરીકે થયેલું નથી.

મનોમય, પ્રાણમય, શારીરિક ચેતના હોય છે – જે ચૈત્યથી અલગ છે. ચૈત્ય પુરુષ અને ચેતના, બંને એકરૂપ નથી.

આત્મા – દિવ્ય અગ્નિનો તણખો ચૈત્ય વ્યક્તિતાનો વિકાસ કરવાનો આરંભ કરે છે એ ચૈત્ય વ્યક્તિતાને ચૈત્ય પુરુષ કહેવામાં આવે છે.

સંગઠિત પ્રાણ-શક્તિ અને મનના વિકાસ પૂર્વે આત્મા કે 'તણખો' ત્યાં હોય જ છે. આત્મા છે ઈશ્વર તત્ત્વ જેવું કંઈક, જે ઉત્ક્રાંતિમાં અવતરણ પામે છે, ઉત્ક્રાંતિમાંનું એ હોય છે દિવ્ય તત્ત્વ જે અજ્ઞાનમાંથી પ્રકાશ પ્રતિ થતી વ્યક્તિની ઉત્ક્રાંતિને આધાર આપવા ઉત્ક્રાંતિમાં અવતરે છે....

સમગ્ર ચેતના, મનોમય, પ્રાણમય અને શારીરિક સુધ્ધાંએ આરોહણ કરવાનું છે અને ઊર્ધ્વ ચેતનાને મળવાનું હોય છે. અને એક વખત એ મિલન થઈ જાય એટલે ઊર્ધ્વ ચેતનાએ મનોમય, પ્રાણમય અને શારીરિક ચેતનામાં અવતરણ કરવાનું હોય છે. ચૈત્ય પુરુષ આ સર્વની પૂઠળે રહેલો હોય છે. અને સર્વને એ ટેકો આપે છે, આધાર પૂરો પાડે છે. (CWSA 28 : 119-120)

*

પુરાણશાસ્ત્રોમાં અમરત્વનો વિચાર

અમરત્વ માટે કોણ યોગ્ય છે?

એ અંતિમ વાસ્તવિકતા કઈ છે? જીવનનો એ ઊંચામાં ઊંચો ઉદ્દેશ કયો છે? તે આ પ્રમાણે છેઃ જગતના કાળચક્રમાં માનવનાં જીવન અને મરણ ઘટમાળની પેઠે ફરીફરીને આવે છે અને તે એની પ્રગતિની લાંબી રેખા આંકે છે. એ ઘટનાઓનો આધાર લઈને માનવ આત્મા અમરતા પ્રાપ્ત કરવા માટે પોતાની જાતને તૈયાર કરે છે, અધિકારી બનાવે છે. એ અમૃતત્વ માટે કેવી રીતે તૈયારી કરવાની છે? કયો માણસ એ અમૃતત્વને માટે લાયક ગણાય? જે માણસ હું કેવળ શારીરિક જીવન છું એવા ભાવથી પર થઈ શકે તે. વળી જે માણસ જગતના બાહ્ય સ્પર્શો અને માત્રાસ્પર્શોનાં પ્રથમ સ્વરૂપને, અથવા તો દેહભાવમાં બંધાયેલો માણસ સ્વીકારે છે તેવી અસરને, જેવી ને તેવી સ્વીકારતો નથી તે માણસ અમૃતત્વને માટે લાયક બને છે. એવો માણસ પોતાની જાતને તથા સૌ માનવોને આત્મા તરીકે જુએ છે અને જાણે છે, અને પોતે આત્મામાં, નહિ કે દેહમાં, જીવન ધારણ કરે છે તથા બીજાઓને પણ એ પ્રમાણે જ ગણે છે અને આત્મા તરીકે એમની સાથે વર્તે છે. અમરપણાનો અર્થ મરણ પછી જીવતાં રહેવું એવો થતો નથી, કારણ કે મનોમય ચેતનવાળા પ્રત્યેક પ્રાણીને એવી અમરતા મળી ગયેલી હોય છે; અમરતા એટલે જીવન અને મૃત્યુથી પર થઈ જવું તે અમરતા એટલે ચેતનાનું એક પ્રકારનું એવું આરોહણ જેના વડે પોતે મનની શક્તિવાળા દેહમાં જીવન ધારણ કરનાર એક પ્રાણી છે એવી મર્યાદિત ચેતનાવસ્થામાંથી નીકળી જઈને માનવ પોતાની જાતને એક આત્મા તરીકે અનુભવે છે અને આત્માની અંદર પોતાનું જીવન ધારણ કરે છે. જે માણસ પોતાની લાગણીઓને વશ હોય છે, જે ઈન્દ્રિયોના માત્રાસ્પર્શોનો ગુલામ છે, ક્ષણિક ભાવોથી આવિષ્ટ થાય છે, તે અમરતા માટે લાયક થઈ શકતો નથી. એ વસ્તુઓ પર વિજય મેળવી શકાય ત્યાં સુધી એમને તિતિક્ષાપૂર્વક સહી લેવા જોઈએ. મુક્ત થયેલા માનવને એ વસ્તુઓ દુઃખ આપી શકતી નથી. જગતમાં બનતી સર્વ પ્રકારની સ્થૂલ ઘટનાઓને, હર્ષ આપનારી કે શોકદાયક, સર્વેને જ્ઞાનપૂર્ણ અને સ્થિર સમતા વડે સ્વીકારી શકે છે (જેમ આપણી અંદર રહેલ શાંત ગૂઢ શાશ્વત અંતરાત્મા કરી શકે છે.) તે માણસ અમૃતત્વને માટે લાયક થાય છે. અર્જુનની પેઠે શોક અને ઘૃણાથી અશાંત થઈ જનાર માણસ એને માટે લાયક નથી. કર્તવ્યના પ્રગતિ કરાવનાર માર્ગમાંથી એ વસ્તુઓથી ચલિત થવું, દુર્બળતા હોવી, દુઃખ સહન કરવાની અશક્તિ હોવી, શરીરના વિનાશ જેવા નજીવા સંજોગો પ્રત્યે ઘૃણા થવી, એ આર્ય પુરુષને ન છાજે એવું અજ્ઞાન છે; અમરતા પ્રત્યે સ્થિર શક્તિ વડે આરોહણ કરતા આર્ય યોદ્ધાનો એ માર્ગ નથી.

એક અવિનાશી આત્મા

શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે કે મૃત્યુ જેવી કોઈ વસ્તુ જ નથી, કારણ કે મરણ તો માત્ર શરીરનું જ હોય છે, અને માણસ એટલે કાંઈ એનું શરીર નથી. જે વસ્તુ ખરેખર

અસ્તિત્વમાં છે તે કદી નાશ પામતી નથી, તેનો અભાવ કદી થતો નથી. એમ બને કે જે રૂપ દ્વારા એ વસ્તુ આપણને દેખા દે છે તે રૂપને એ બદલે. જે વસ્તુ અ-સત્ છે તે સત્ થઈ શકતી નથી, તે અસ્તિત્વમાં આવી શકતી નથી. આત્મા 'સત્' હોય 'છે', એટલે એની સત્તાનો અંત આવી શકતો નથી. આ 'છે' અને 'નથી'નો — સત્ અને અસત્ — નો વિરોધ, જે 'છે' અને જે કાંઈ 'બને છે' એ બે વચ્ચેની સમતુલા એ આ જગતનું આપણને મન વડે થતું દર્શન છે. એ વિરોધનું સમાધાન મનમાં નથી પરંતુ અવિનાશી આત્મા જ એકમાત્ર સત્ છે અને એણે જ આ સઘળું વિશ્વ પોતે વિસ્તારેલું છે, એવા સાક્ષાત્કારમાં એ વિરોધનું સમાધાન આપણને મળે છે. દેહો સઘળા નાશવંત છે, પરંતુ એ શરીરોનો ધારણ કરનાર દેહી પોતે અનંત છે, અસીમ છે, સનાતન છે. જેમ જીર્ણ થઈ ગયેલાં કપડાંઓનો ત્યાગ કરીને માણસ નવાં વસ્ત્રો ધારણ કરે છે તે પ્રમાણે જૂના જીર્ણ દેહોને છોડીને આત્મા નવાનવા દેહોને ધારણ કરે છે. આમાં શોક કરવાનું, ઘૃણા કે સંકોચ પામવાનું શું છે? એ આત્મા કાંઈ જન્મનાં બંધનમાં આવ્યો નથી, એ તો અજ છે. એ કાંઈ મરણ પામતો નથી. આત્મા કાંઈ એવી વસ્તુ નથી જે એક જીવનમાં આવે છે અને પછીથી અલોપ થઈ જાય છે, યા તો વિનાશ પામે છે. વળી એ ફરીથી જીવનમાં નહિ પ્રગટ થાય એમ પણ નથી. એ નિત્ય છે, શાશ્વત છે, હણાતા શરીરમાં રહેલો એ પોતે હણાતો નથી. એ અમર આત્માને કોણ છેદી શકે તેમ છે? શસ્ત્રો એને નથી છેદી શકતાં, અગ્નિ એને નથી બાળી શકતો, પાણી એને નથી પલાળી શકતું, વાયુ એને સૂકવી શકતો નથી. એ આત્મા નિત્ય છે, અચળ છે, સર્વગત છે. એ સનાતન છે. શરીર પેઠે તે આવિર્ભાવ પામતો નથી પણ સર્વ પ્રકારના આવિર્ભાવથી પર રહેલો છે. વિચાર વડે એનું પૃથક્કરણ થઈ શકતું નથી, સઘળી માનસિક ચેતના કરતાં એ વધારે મહાન છે, પ્રાણ અને તેનાં કરણો, ઈન્દ્રિયો અને તેના વિષયોની પેઠે આત્મા વિકારી નથી. શરીર, પ્રાણ અને મનના સર્વે વિકારોથી, ફેરફારોથી તે સદા પર છે, અને છતાં એ બધાં કરણો જે વસ્તુને પ્રગટ કરવા મથે છે તે એ આત્મા છે.

જન્મ અને મૃત્યુ સીમાચિહ્નો છે

પરંતુ આપણા જીવનમાં પ્રગટ થઈ રહેલ વસ્તુ 'આત્મા' જેવી કોઈ મહાન કે પરાત્પર સત્-તા ન હોય, મૃત્યુથી ખરેખર જ અસ્પર્શ્ય આત્મા જેવી કોઈ વસ્તુ જ ન હોય, અને માનવનો આત્મા સાચે જ જન્મ-મરણના ફેરામાં પરવશપણે જકડાયો હોય તો પણ મરણને માટે શોક કરવાનું કારણ રહેતું નથી. કારણ કે આત્માના આવિર્ભાવની એ અનિવાર્ય પરિસ્થિતિ ગણાવી જોઈએ. કોઈ અસત્ એવી નહિ પરંતુ આપણી ચેતનાને માટે અવ્યક્ત એવી અવસ્થામાંથી માનવ જન્મમાં આવે છે અને જન્મમાંથી એ અવ્યક્ત અવસ્થામાં પાછા જવું એનું નામ મરણ છે. માંદગીના બિછાના પર કે યુદ્ધના મેદાનમાં થતા મૃત્યુ વિશે તથા તેની ભયંકરતા વિશે માનવનું સ્થૂલ મન અને ઈન્દ્રિયો જે શોક કરે છે તે નાડીયંત્રનું અજ્ઞાનમાંથી ઉદ્ભવતું તોફાન માત્ર હોય છે, એ શોક જેને માટે ન કરવો જોઈએ તેને માટેનો નિરર્થક શોક છે, અજ્ઞાની શોક છે. કારણ કે જે મરણ પામે છે તે કાંઈ

અસ્તિત્વની બહાર જતા રહેતા નથી, અથવા તો એમની સ્થિતિમાં દુઃખકર કે ભયંકર એવો કોઈ પલટો થઈ જતો નથી. તેઓ જ્યારે જીવનમાં હતા ત્યારે પણ મૃત્યુની પેલી પાર જ હતા. અને એમની મૃત્યુ પછીની પરિસ્થિતિમાં તેઓ જીવનમાં હતા તે કરતાં વધારે દુઃખી નથી. ખરું જોતાં તો સૌથી પ્રથમ જે સત્ય જણાવ્યું તે જ આખરી સત્ય છે; સર્વ કાંઈ એ આત્મા જ છે, એ આત્મા એક અને અદ્વિતીય છે, એ દિવ્ય વસ્તુ છે. એને એક આશ્ચર્ય તરીકે કોઈ જુએ, કોઈ આશ્ચર્ય તરીકે એના વિશે બોલે અને સાંભળે પરંતુ એનું એવું દર્શન અને શ્રવણ થયા પછી પણ કોઈ પણ માનવ-બુદ્ધિએ એ નિરપેક્ષને સંપૂર્ણપણે જાણ્યું નથી. આ જગતના બહારના દેખાવથી ઢંકાઈ ગયેલી વસ્તુ એ આત્મા છે, અને એ જ શરીરનો સ્વામી છે, પ્રભુ છે. જીવનસમગ્ર એની છાયા માત્ર છે. સ્થૂલમાં આવિર્ભાવ પામવો અને એમાંથી પાછા જતા રહેવું એ એના આવિર્ભાવના ગૌણ પ્રકારો માત્ર છે. જ્યારે આપણી જાતને એ આત્મા તરીકે જાણીએ છીએ ત્યાર પછી આપણે મારનાર કે મરનાર છીએ એમ કહેવું અર્થ વગરનું થઈ પડે છે. એક જ વસ્તુ અંતિમ સત્ય રૂપે રહેલી છે, તેની અંદર આપણે જીવન ધારણ કરવાનું છે. એ એક વસ્તુ એટલે સનાતન શાશ્વત બ્રહ્મ જ માનવમાં તેના આત્મા રૂપે અભિવ્યક્ત થાય છે. યુગચક્રોમાં થતી એની યાત્રામાં જીવન અને મરણ એ એની પ્રગતિનાં નિશાન જેવાં છે અને આ પાર્થિવ જગતથી પર રહેલ દિવ્ય ચેતનાના પ્રદેશની પ્રાપ્તિ એ તેની યાત્રાનું અંતિમ ધામ છે. જીવનમાં પ્રાપ્ત થતી પરિસ્થિતિ સુખ કે દુઃખ, જય કે પરાજય, એ આપણી પ્રગતિ માટેનાં સાધન માત્ર છે, અને આત્માનું અસલ રહેઠાણ અમરતા એ તેની યાત્રાનું પરમ ધામ છે. (ગીતા નિબંધો : ૭૨થી ૭૫)

*

અમરત્વ, એના ગંભીર અર્થમાં

અમર થવું એટલે સ્થૂલ દેહના મૃત્યુ પછી વ્યક્તિ તરીકે જીવન ટકાવી રાખવું એમ પ્રાચીન આધ્યાત્મિક ઉપદેશમાં કદી મનાતું નહીં. એ અર્થમાં તો સઘળાં સત્ અમર છે જ, અને નાશ પામે છે તે તો એમનાં બાહ્ય સ્વરૂપો માત્ર, એટલે કે ક્લેવરો, જે આત્માઓ મોક્ષને પ્રાપ્ત થતા નથી તેઓ પણ કાલના યુગચક્રમાં સતત જીવન ધારણ કરતા હોય છે. જ્યારે વ્યક્ત બ્રહ્માંડનો પ્રલય થાય છે ત્યારે સર્વ સત્-તાઓ બ્રહ્મની અંદર અવ્યક્તપણે કે ગુપ્તપણે રહે છે અને નવા યુગનો આરંભ થાય છે ત્યારે એ બધી પાછી જન્મ ધારણ કરે છે. પ્રલય એટલે યુગોના ચક્રનો અંત. એ અંત એટલે અસ્તિત્વનું જે વિશ્વરૂપ છે તેનો અને બ્રહ્માંડના પરિવર્તનમાં ગતિ કરતાં સર્વે વ્યક્તિગત સ્વરૂપોનો તાત્કાલિક વિનાશ યાને વિલય. પરંતુ એ સ્થિતિ તો ક્ષણિક વિલય જેવી, નીરવતાવાળા વિશ્રામ જેવી હોય છે. એની પાછળ નવસર્જનનો બહાર પ્રગટે છે, પુનઃ સંયોજન અને નવઘટના થાય છે, અને એ સમયે સુષુપ્ત સત્-તાઓ ફરીને પ્રગટે છે અને ફરીથી પોતાની પ્રગતિના વેગને પ્રાપ્ત કરે છે. આપણા સ્થૂલ દેહનું મૃત્યુ પણ એક પ્રકારનો પ્રલય જ છે, —ગીતા એ શબ્દને મૃત્યુના અર્થમાં વાપરે પણ છે—प्रलय याति देहभृत्. (૧૪.૧૪) ''દેહને ધારણ કરવાવાળો પ્રલયને પામે છે.'' એ પ્રલય એટલે જડ તત્ત્વના બનેલા

જે સ્વરૂપ સાથે માનવનું અજ્ઞાન પોતાની એકતા કરતું હોય છે તે સ્વરૂપનો વિનાશ, — એ સ્વરૂપ પોતાના અસલ સ્વાભાવિક તત્ત્વોમાં વિલય પામે છે. દેહ જ્યારે વિનાશને પામે છે ત્યારે પણ આત્મા તો હોય છે અને થોડા સમય પછી તે સ્થૂલ તત્ત્વોમાંથી બનેલો નવો દેહ ધારણ કરીને યુગચક્રમાં પોતાના જન્મોની ઘટમાળ શરૂ કરે છે. જેમ પ્રલયના વિરામ અને નિવૃત્તિ પછી વૈશ્વિક-સત્ પોતાના અનંત કાળચક્રનો ફરીથી આરંભ કરે છે તે જ પ્રમાણે વ્યક્તિ પણ જન્મ-મરણનું ચક્ર શરૂ કરે છે. સઘળા દેહધારી આત્માઓ માટે આ પ્રકારની, કાળચક્રની ગતિમાં મળતી, અમરતા સામાન્ય છે.

વધારે ગહન અર્થમાં, અમર થવું એટલે મૃત્યુ પછીથી પોતાનું અસ્તિત્વ કાયમ રાખવું અને સતત પુનર્જન્મ પામ્યા કરવો એના કરતાં કોઈ જુદી જ વસ્તુ છે. અમરતા એટલે એક એવું પદ, એક એવી ભૂમિકા, જેમાં આત્મા જન્મ અને મરણ બન્નેથી પોતે પર છે એમ જાણે છે. એ અનુભૂતિમાં પોતાના આવિર્ભાવના પ્રકારથી આત્મા મર્યાદિત થતો નથી, એ પોતે તો અનંત છે, અવિનાશી છે, અવ્યયપણે શાશ્વત છે, અમર છે એમ અનુભવે છે. કારણ કે અસલ સ્વરૂપમાં એ પોતે અજ — કદી જન્મેલો નહિ એવો — છે એટલે તે કદી મરણને પણ પામતો નથી. પરમેશ્વર અને પરબ્રહ્મરૂપ પુરુષોત્તમ સદાને માટે એ અમર શાશ્વતીને ધારણ કરે છે, અને વ્યક્તિગત દેહને ધારણ કરે છે તે કારણે, અથવા તો, પોતે વૈશ્વિક સ્વરૂપો અને શક્તિઓને સતત ધારણ કરતો હોય છે તે કારણે, એ પોતે જરા પણ વિકાર પામતો નથી. એનામાં એનું આત્મજ્ઞાન સદા જાગ્રત હોય છે. પોતાની દિવ્ય પ્રકૃતિથી જ પુરુષોત્તમ પોતાની શાશ્વતી વિશે — જરા પણ વિકાર પામ્યા વગર — સચેતન હોય છે. આદિ કે અંત વિના, પુરુષોત્તમ પોતાને વિશે સદા સચેતન રહે છે. અહીં, આ વિશ્વમાં, સર્વ દેહોમાં તે વસી રહેલો છે, પરંતુ પ્રત્યેક દેહમાં તે અજ છે, પોતે સ્વીકારેલા આવિર્ભાવથી પોતાની ચેતનામાં તે મર્યાદિત થતો નથી, — પોતે જે સ્થૂલ પ્રકૃતિ ધારણ કરે છે તેની સાથે સંપૂર્ણપણે એક થઈ જતો નથી. કારણ કે અસ્તિત્વની એની સક્રિય વિશ્વલીલાનો એ તો કેવળ ગૌણ પ્રસંગ હોય છે. પુરુષોત્તમની* આ સ્થિરભાવે સચેતન અને શાશ્વત એવી સત્-તામાં જીવન ધારણ કરવું

---

* અહીં વાંચનારે ધ્યાનમાં રાખવાનું છે કે ગીતામાં કોઈ પણ જગાએ એવો ઉલ્લેખ નથી કે વ્યક્તિની આધ્યાત્મિક સત્-તાનો અવ્યક્ત, અને અનિર્દેશ્ય બ્રહ્મમાં લય સાધવો એ અમરતાનો સાચો અર્થ છે, યા તો તેની પ્રાપ્તિની શરત છે, કે યોગનો સાચો ઉદ્દેશ છે; ઊલટું, આગળ જતાં અમરતા એટલે પ્રભુના પરમ ધામમાં નિવાસ કરવો એવું વર્ણન ગીતા આપે છે. — मयि निवसिष्यसि परं — धाम. (૧૨.૮) અને અહીં અમરતા એટલે પ્રભુ સાથે સાધર્મ્ય પામવું એને જ परां सिद्धिम् (૧૪.૧) કહે છે. એ સ્થિતિ પરમ સંપૂર્ણતાની અવસ્થા છે, — એમાં પ્રભુની સત્-તા સાથે અને એની દિવ્ય પ્રકૃતિ સાથે એકધર્મવાળા બનવાનું હોય છે. એટલે કે જીવનમાં ચાલુ રહીને તથા વૈશ્વિક ગતિ વિશે સચેતન બનીને તેનાથી પર રહેવાનું છે, — જેમ બધા મુનિઓ હજી પણ પોતાનું જીવન શાશ્વતીમાં ધારણ કરે છે, — मुनयः सर्वे, (૧૪.૧) અને છતાં સૃષ્ટિમાં થતા પોતાના જન્મનું બંધન એમને નડતું નથી, તથા વિશ્વનો પ્રલય થતાં પણ એવા આત્માને શોક થતો નથી.

એનું નામ મુક્તિ, એનું નામ અમરતા. પરંતુ એ પ્રકારની વધારે ઊંચી અમરતા પ્રાપ્ત કરવી હોય તો દેહધારી આત્માએ અધોમુખ પ્રકૃતિના નિયમન પ્રમાણે ચાલવાનું મૂકી દેવું જોઈએ. જીવનનો જે દિવ્ય માર્ગ પ્રભુ પોતાની દિવ્ય પ્રકૃતિમાં સ્વીકારે છે તે એણે પણ સ્વીકારવો જોઈએ. ખરું જોતાં, વ્યક્તિના અંતરમાં એનું જે શાશ્વત પરમ સત્ય રહેલું છે તેનો એ સાચો ધર્મ છે. એટલે કે વ્યક્તિએ પોતાની અત્યારે ગુપ્ત એવી અસલ સત્-તામાં જ કેવળ પ્રભુ જોડે સામ્ય પ્રાપ્ત કરવાનું છે; એટલું જ નહિ પરંતુ પોતાના આવિર્ભાવના આધ્યાત્મિક વિકાસમાં – એટલે, પોતાની પ્રકૃતિમાં પણ – પ્રભુનું સાદૃશ્ય તેણે પ્રાપ્ત કરવું જોઈએ. (ગીતા નિબંધો : પૃ. ૫૦૩થી ૫૦૫)

*

મહત્તર શક્યતા

મનોમય અસ્તિત્વ કરતાં વધુ વાસ્તવિક અસ્તિત્વ, શારીરિક જીવન કરતાં મહત્તર જીવન શક્ય હોવાથી એ એમ નિશ્ચિત કરે છે કે નિમ્ન જીવન એનાં રૂપો સહિત અને એના સુખોપભોગો જેનો માનવો અહીં સામાન્યતઃ ઉપભોગ કરતાં રહે છે, એની આરાધના કરતા રહે છે તે જાગ્રત થયેલ જીવ માટે પોતાની કામનાનો પદાર્થ રહી શકે નહિ. જાગ્રત થયેલ આત્માએ પારની અભીપ્સા સેવવી જોઈએ. મૃત્યુના આ જગતથી એવા જીવે પોતાને મુક્ત કરી લેવો જ જોઈએ, માત્ર ઘટનાના આ વિશ્વથી સ્વતંત્ર થઈ, આ વિશ્વોથી પારની અવસ્થામાં પહોંચી જઈ પોતાની અમરતાની સાચી અવસ્થામાં એણે પોતે પોતાના સ્વરૂપ બની રહેવું જોઈએ. આ મર્ત્ય જીવનમાં જ એ પોતાને મર્ત્ય ચેતનાથી સ્વતંત્ર કરી શકે અને અમર તેમ જ શાશ્વતને જાણી પોતે એ જ બની રહે ત્યારે જ માત્ર ત્યારે જ, એ વાસ્તવિક રીતે અસ્તિત્વ ધરાવતો થાય છે. તે સિવાય એને એવી લાગણી થતી હોય છે કે એણે પોતાની જાતને ગુમાવી દીધી છે, પોતાની સાચી મુક્તિમાંથી એનું પતન થયેલું છે. (CWSA 18 : 16-17)

*

આપણી જાતને શોધી કાઢવા માટે આપણે આપણી જાતનો ત્યાગ કરી દઈએ છીએ. કારણ ભૌતિક જીવનમાં માત્ર શોધ જ હોય છે. અને જ્યાં સુધી મનને આપણે અતિક્રમી જઈએ નહિ ત્યાં સુધી છેવટની વસ્તુ આપણે કદાપિ શોધી કાઢી શકતા નથી. અને માટે જ આપણી સર્વ માનસિકતા પૂઠળે આપણી જાતની પૂર્ણતા રહેલી હોય છે, જે આપણને આપણે જે છીએ તેના વિરોધાભાસ રૂપ, એની વિરૂદ્ધનું લાગતું હોય છે. કારણ, અહીં આપણે સતત ભાવનની પ્રક્રિયામાં હોઈએ છીએ. ત્યાં, (પારની અવસ્થાએ) આપણે આપણા શાશ્વત સ્વરૂપને ધારણ કરતાં હોઈએ છીએ. અહીં આપણી જાતને આપણે પરિવર્તનપૂર્ણ ચેતના તરીકે સમજીએ છીએ, જે વિકાસ પામેલી છે અને હંમેશાં વિકાસ પામતી રહેતી હોય છે – સમયના પ્રવાહમાં અવરોધક ઉપાયથી એનો વિકાસ સિદ્ધ થતો રહેતો હોય છે. ત્યાં આપણે અવ્યય ચેતના હોઈએ છીએ, જેના પર

કાળનું સ્વામીત્વ હોતું નથી. કાળ ત્યાં સાધનરૂપ હોય છે. અને એ ચેતના જેનું સર્જન કરે છે, જેનું નિરીક્ષણ કરે છે તે સર્વનું એ ક્ષેત્ર હોય છે. અહીં આપણે મર્ત્ય ચેતનાના સંગઠનમાં જીવીએ છીએ, જે આ ક્ષણિક વિશ્વનું સ્વરૂપ ધારણ કરે છે. ત્યાં (પાર અવસ્થાએ) આપણે અનંત સ્વ-નિરીક્ષણની સંવાદિતામાં મુક્ત હોઈએ છીએ, જે શાશ્વત અને અમરત્વના પ્રકાશમાં સર્વ વિશ્વોને જાણતી હોય છે. પાર (Beyond), પેલી પાર છે આપણી વાસ્તવિકતા; એ છે આપણી વિપુલતા. એ છે આપણા સ્વ-અસ્તિત્વનો સંપૂર્ણ સંતોષ. એ છે અમરતા અને એ છે : 'આનંદ'. (CWSA 18 : 22-23)

*

અમરત્વ અને અતિમાનસ રૂપાંતર

શરીરનું અતિમાનસ રૂપાંતર કરાવ્યા સિવાય તેનું અમરત્વ સિદ્ધ થવું શક્ય નથી; યોગશક્તિમાં અમરત્વની શક્તિની શક્યતા રહેલી છે અને યોગીઓ ૨૦૦ કે ૩૦૦ વરસ અથવા વધુ જીવી શકે છે, પરંતુ અતિમનસ રૂપાંતર સિવાય, સિદ્ધાંત રૂપે શારીરિક અમરત્વની સ્થાપના થઈ શકે નહિ.

*

જરૂરી વસ્તુ, ચેતનાનું પરિવર્તન છે. એમ થયા વિના કોઈ ભૌતિક સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે તેમ નથી. પરંતુ શરીર છે એમનું એમ જ રહે, મૃત્યુ, માંદગી, ક્ષય, પીડા, અચેતનતા અને અજ્ઞાનમાંથી ઉત્પન્ન થતાં સર્વ એવાં પરિણામોનું ગુલામ જ બન્યું રહે તો અતિમાનસ રૂપાંતર પૂર્ણપણે બની આવી શકે નહિ. જો આ સર્વને રાખી મૂકવાનાં હોય તો અતિમનસના અવતરણની જરૂર છે એમ ભાગ્યે જ કહી શકાય – કારણ કે, નહિ તો, ચેતનાનું એક એવું રૂપાંતર જેમાં પ્રભુ સાથે મનોમય – આધ્યાત્મિક અદ્વૈત સિદ્ધ કરવામાં આવ્યું હોય તે પૂરતું થઈ પડે તેમ છે, બલ્કે એવું અદ્વૈત અતિમનસ કે ઊર્ધ્વમનસ સાથે કર્યું હોય તો પણ પૂરતું થાય. અતિમનસ અવતરણની જરૂરિયાત તો સત્યનું કાર્ય સક્રિયપણે મન, પ્રાણ અને શરીરમાં કામ કરતું થાય તે માટે છે. આનો અર્થ આડકતરી રીતે એ થાય કે અંતિમ પરિણામ તરીકે શરીરમાંની અચેતનતા વિદાય લઈ લેશે; અને પછી તે ક્ષરભાવ અને માંદગીને આધીન નહિ રહે. એનો અર્થ એ થાય કે જે સામાન્ય પ્રક્રિયાઓ વડે મૃત્યુ થાય છે તે પ્રક્રિયાઓ એ શરીરને લાગુ નહિ પડે. જો શરીનું રૂપાંતર કરવું હોય તો એ શરીરમાં રહેનારના સંકલ્પ વડે જ થઈ શકે. આ વસ્તુ (અને નહિ કે ૩૦૦૦ વર્ષ સુધી જીવવાની ફરજ – કારણ કે એ પણ એક જાતનું બંધન થાય) શારીરિક અમરત્વનું તત્ત્વ બની રહેશે. છતાં, જો કોઈને ૧૦૦૦ વર્ષ અથવા વધુ જીવવું હોય, અને આપણે એમ ધારી લઈએ, એ વ્યક્તિ પાસે પૂર્ણ સિદ્ધિ હશે, તો તેમ બનવું અશક્ય નથી.

*

અમરત્વ એ અતિમનસ રૂપાંતરનાં શક્ય પરિણામો પૈકીનું એક છે, પરંતુ એ

અનિવાર્ય પરિણામ નથી અને એનો અર્થ એમ નથી થતો કે જીવન જેવું છે તેવું ને તેવું શાશ્વત અથવા અનિશ્ચિત કાળ સુધી લંબાયે જશે. ઘણા એમ ધારે છે કે એવું બનશે, તેઓ તેમની કામનાઓ સાથે જેવા છે તેવા બન્યા રહેશે. અને ફરક માત્ર એટલો પડશે કે તેઓ અનંતપણે તેમની કામનાઓને સંતોષે જશે; પણ અમરત્વ જો આવું હોય તો એ કાંઈ પ્રાપ્ત કરવા જેવું ન ગણાય અને લોકો થોડાજ વખતમાં એનાથી થાકી જશે. પ્રભુમાં જીવન ધારણ કરવું અને ભાગવત ચેતનાની પ્રાપ્તિ કરવી એ જ અમરત્વ છે અને શરીરને પણ દિવ્ય કરવું અને તેને પ્રભુનાં કાર્યો કરવા માટે અને દિવ્ય જીવન જીવવા માટે યોગ્ય સાધન બનાવવું એ તો એની માત્ર સ્થૂલ અભિવ્યક્તિ હશે.

(યોગ વિશે પત્રો) **શ્રી અરવિન્દ**

*

શરીરની અંદર અતિમાનસ શક્તિ

પરમ દિવસે મધ્યરાત્રિએ હું એવી લાગણી સહિત જાગી ગઈ હતી કે મારા સત્‌માં સામાન્યતઃ હોય છે તેના કરતાં ઘણું વિશાળ અને ખૂબ જ શક્તિશાળી સ્વરૂપ રહેલું છે. એ જાણે એવું હતું કે એ સ્વરૂપ ભાગ્યે જ મારી અંદર સમાવિષ્ટ થઈ શકે. અને એમ એ સ્વરૂપ મારી અંદરથી બહાર ઢોળાઈ રહ્યું હતું. અને એ એટલું તો સુસંબદ્ધ રીતે શક્તિશાળી હતું કે એ લગભગ અસુખકારી લાગતું હતું....

મધ્યરાત્રિએ હું પથારીમાં પડી હતી અને એમ સપાટ પડી રહેતાં મારું સમગ્ર શરીર એક (One) આંદોલન બની રહ્યું; અત્યંત ઝડપી, ઉત્કટ પરંતુ અચળ આંદોલન. આને કેવી રીતે સમજાવવું તે હું જાણતી નથી. અને છતાં એ અવકાશમાં ગતિહીન હતું. અને મારા શરીરનો ચોક્કસ આકાર તે આબેહૂબ પરમ ચેતનાના ખૂબ જ તેજસ્વી પ્રકાશ સમાન હતો. શરીરની અંદર અને જાણે કે શરીરના પ્રત્યેક કોશમાં એક આંદોલન હતું. અને તે સર્વ એક આંદોલનના જથ્થાના અંગ રૂપ હતું. એ આંદોલન શરીરથી પર આટલું (૬ સે.મી. દર્શાવતી નિશાની) પ્રસરેલું હતું. હું મારી પથારીમાં સંપૂર્ણપણે સ્થિર, અચળ હતી. પછી હલનચલન કર્યા વગર, સ્થિત્યંતર કર્યા સિવાય, સભાનપણે ઉપર ઊઠવાની ક્રિયા શરૂ થઈ હતી - હલનચલન કર્યા વગર, તમને સમજાય છે ? હું આ પ્રમાણે, આ અવસ્થામાં હતી (શ્રી માતાજી પોતાના બંને જોડાયેલા અને હલનચલન ન કરતા હસ્ત તેમના કપાળના ભાગે પકડી રાખે છે, તેઓ એવું દર્શાવવા માગતાં હતાં કે તેમનું સમગ્ર શરીર પ્રાર્થનામાં ઊર્ધ્વે આરોહી રહ્યું છે) - સભાનતાપૂર્વક... આ ચેતનાના પરમ ચેતના પરત્વેના આરોહણ માફક.

એક કલાકના ચોથા ભાગ સુધી ચેતના આરોહણ કરતી રહી હતી, હલનચલન (શરીરનું) વગર. એ આરોહણ કરતી રહી, ઊંચે ઊંચે, ઊંચે ... જ્યાં સુધી એ જંકશન (મિલન સ્થાન) સંગમસ્થાનને પહોંચી ગઈ ત્યાં સુધી એ આરોહણ જારી રહ્યું હતું.

...સભાન સંગમસ્થાન (જંકશન), પૂરેપૂરી જાગ્રત અવસ્થા સમાધિ (Trance) અવસ્થા નહિ.

આમ ચેતના તે એક ચેતના બની રહી : સંપૂર્ણ, શાશ્વત, સમયથી બહાર, અવકાશથી બહાર, ગતિવિધિથી બહાર, સર્વથી પર, મને ખબર નથી. પરમાનંદમાં, પરમ સુખમાં, એવું કંઈક, જે અવર્ણનીય છે.

એ હતી શરીરની ચેતના.

આ છેવટનું પરિવર્તન નથી, એ હજુ ઘણું દૂર છે, એને માટે ઘણું બધુ વધુ કંઈક કરવાનું રહે છે. અને આપણે એમ કહી શકીએ કે એ હતી શરીરમાં અતિમાનસિક શક્તિની સભાન અને સંપૂર્ણ એવી સંનિધિ.

(Conversations with a disciple, January 24, 1961)

* * *

મૃત્યુ ઉત્ક્રાંતિમાં જરૂરી છે, કારણ શરીર પ્રગતિ કરી શકતું નથી – ચેતનાની ઉત્ક્રાંતિ માટે, પ્રગતિના સાધન તરીકે પર્યાપ્ત ન રહે ત્યારે એ ભૌતિક કરણને બદલવું પડે, નવું કરણ ધારણ કરવું પડે. શરીરમાં જો કોઈ એવી વસ્તુ લઈ આવવામાં આવે જે શરીરને આત્માનું પ્લાસ્ટીક કરણ બનાવે તો પછી મૃત્યુ જરૂરી નહિ રહે. જો અતિમાનસ રૂપાંતર સંપૂર્ણ બને તો પછી એમ થઈ શકે.

(CWSA 18 : 28-310)

દિવ્યીકરણ પામેલ અમર દેહની શક્યતા



મૃત્યુ છે એક સોપાન, દ્વાર એક, ડગ છે ઠોકરાયલું
આત્માએ ભરવાનું જે હોય છે એક જન્મથી
બીજા જન્મમહીં જવા,
જીતનો ધારતી ગર્ભ ધૂસરી એક હાર છે,
ચાબખો છે ચલાવી જે લઈ આપણાને જતો મૃત્યુમુક્ત અવસ્થાગમ આપણી
અચિત્ તણું જગત્ આત્મા કેરી જાતે છે બનાવેલ કોટડી,
નિત્યના દિનની છાયા રૂપ છે રાત્રિ નિત્યની,
રાત્રિ ના આપણો આદિ, રાત્રિ ના અંત આપણો;
છે એ તમોમયી માતા જેને ગર્ભે છીએ છુપેલ આપણે,
વિશ્વના દુઃખની સામે અતિશીઘ્ર જાગરાથી બચી જઈ.
સર્વોચ્ચ જ્યોતિમાંહેથી રાત્રિમધ્યે છીએ આવેલ આપણે,
જ્યોતિથી જીવીએ છીએ, જ્યોતિ પ્રત્યે જઈએ આપણે છીએ.

(Savitri : 660-601)

અનુ : શ્રી પૂજાલાલ

અમરતા અને મૃત્યુરહિત અવસ્થા

અમરતા અને મૃત્યુરહિત અવસ્થા વચ્ચે તફાવત છે. 'સાવિત્રી'માં શ્રી અરવિન્દે આ ખૂબ જ સારી રીતે સ્પષ્ટ કર્યું છે.

મૃત્યુરહિત અવસ્થાની માનવના ભૌતિક શરીર માટે ભવિષ્યમાં કલ્પના થઈ શકે : એ છે સતત પુનર્જન્મ. ફરીથી પાછળ ગબડી પડવું અને વૈશ્વિક ગતિવિધિને અનુકૂળ થવાની અક્ષમતા તેમ જ લવચીકતાના અભાવને લઈને વિખેરાઈ જવાને બદલે શરીરને ભવિષ્યગામી થવા રદ કરવામાં આવે છે.

એમાં એક તત્ત્વ સ્થાયી રહેતું હોય છે : પ્રત્યેક પ્રકારના અણુ માટે તત્ત્વોનું આંતરિક ગઠન અલગ અલગ હોય છે, જે વસ્તુ એમના દ્રવ્યમાં તફાવત ઉત્પન્ન કરે છે. એટલે કદાચ એ જ પ્રમાણે પ્રત્યેક વ્યક્તિની શરીરના કોશોની ગઠનની વિશિષ્ટ રીત અલગ અલગ હોય છે. અને આ વિશિષ્ટ રીત જ સર્વ બાહ્ય પરિવર્તનોમાં ટકી રહેતી હોય છે. બાકીનું સર્વ કંઈ રદ કરી દેવામાં આવે છે અને ફરીથી કરવામાં આવે છે. અને એ રદ કરી દેવામાં આવે છે તે આગળ વધવાની વાત પર ભાર દઈને કરવામાં આવે છે, મૃત્યુ પ્રતિ પીછેહઠ કરી ભાંગી જવા માટે નહિ. અને ફરીથી જે કરવામાં આવે છે, તે દિવ્ય સત્યની પ્રગતિશીલ ગતિને અનુસરવાની સતત અભીપ્સા સહિત.

પરંતુ આમ થવા માટે શરીરે – શરીરની ચેતના – સૌ પ્રથમ પોતાને વિશાળ કરતા શીખી લેવું જ જોઈએ. એ અનિવાર્ય છે, એના વગર તો અતિમાનસિક પ્રકાશના દબાણ હેઠળ બધા કોશો ઉકળતી રાબ જેવા બની જશે.

સામાન્યતઃ એવું થતું હોય છે કે શરીર અભીપ્સાની કે પ્રેમના અત્યાનંદની મહત્તમ તીવ્રતાએ પહોંચે છે ત્યારે એ પોતાને કાબૂમાં રાખી શકતું નથી. એ સપાટ, ગતિહીન બની જાય છે. એ પાછું પડે છે. વસ્તુઓ સ્થિર થઈ જાય છે – તમે નૂતન આંદોલનથી સમૃદ્ધ થાઓ છો, અને પછી સર્વ કંઈ પોતાની ગતિ ફરી શરૂ કરે છે. એટલે અતિમાનસિક શક્તિની તીવ્રતાઓને ડગી ગયા વિના સહન કરી શકો, હંમેશા આગળ વધી શકો, દિવ્ય સત્યની આરોહણ કરતી ગતિ સહિત – શરીરની જીર્ણાવસ્થામાં – સરી ગયા વિના – આગળ વધી શકો એટલા માટે તમારે તમારી જાતને વિશાળ કરવી જ જોઈએ....

(The Mother : Conversations with a disciple : November 25, 1959)

* * *

શરીરની મર્યાદાઓ

બાળક : જો મનુષ્યો મરી ન જાય, તોપણ ઉંમર થતાં તેમના દેહ તો નિરુપયોગી સરખા બની જાય ને?

શ્રી માતાજી : ના રે! તમે ખોટી દિશામાંથી જુઓ છો. તેમના શરીરમાં સડો* દાખલ થયા વિના તેઓ મરણ પામી શકતાં નથી. એ તો તેમના શરીરમાં સડો દાખલ

* અથવા વિકૃતિ. – અનુવાદક

થાય છે એટલે જ તેઓ મરણ પામે છે. જો તેમને મરવાનું ન હોય તો તેમના દેહે નિરુપયોગી ન બનવું જોઈએ. આ વસ્તુ તદ્દન વિરોધી ભાવની છે. શરીરમાં સડો દાખલ થાય છે, ક્ષીણતા દાખલ થાય છે અને અંતે એક સંપૂર્ણ અવનતિ આવે છે તેને લઈને જ મૃત્યુ તદ્દન અનિવાર્ય બની જાય છે. પરંતુ જો દેહ, આંતર સ્વરૂપની પ્રગતિશીલ ગતિને અનુસરે, જો તેનામાં ચૈત્ય સ્વરૂપની જેમ પ્રગતિ કરવાની અને પૂર્ણતાની સમજણ હોય, તો પછી તેણે મરણ પામવાની કોઈ જરૂરિયાત ઊભી થતી નથી. એક વરસ ઉપર બીજું વરસ પસાર થાય એટલે કેવળ વધુ સડો દાખલ થવો જોઈએ તેમ થવું અનિવાર્ય નથી. એ તો પ્રકૃતિની એક કુટેવ છે. આ ક્ષણે જે કાંઈ બની રહ્યું છે તેમાં રહેલી એક કુટેવ છે. અને મૃત્યુનું ચોક્કસ કારણ પણ તે જ વસ્તુ છે. આથી ઊલટું, આપણે ઠીક ઠીક રીતે એવી વસ્તુની કલ્પના કરી શકીએ છીએ કે જે ગતિ જીવનની શરૂઆતમાં હોય છે તે જ પાછળથી પણ અન્ય સ્વરૂપે ચાલુ રહે. મેં તમને કહેલું જ છે કે આપણે તદ્દન અવિરત વિકાસની કલ્પના કરી શકીએ નહિ, કારણ કે એમાં પછી થોડાક સમય પછી રચનાઓની ઊંચાઈઓની જરૂર ઊભી થાય! પરંતુ આ ઊંચાઈ તરફના વિકાસને આપણે પૂર્ણતા પ્રત્યેના રૂપની પૂર્ણતાના વિકાસમાં પલટી નાખી શકીએ છીએ : દેહસ્વરૂપની સર્વ અપૂર્ણતાઓને ધીમે ધીમે કરીને સુધારી શકાય છે, સર્વ દુર્બળતાઓને સ્થાને બળની સ્થાપના કરી શકાય છે, સર્વ અનાવડતોને સ્થાને કાર્યકુશળતાની સ્થાપના થઈ શકે છે. એમ કેમ ન થઈ શકે? તમે એ રીતે વિચારતા નથી કારણ કે તમને વસ્તુઓ બીજી રીતે જોવાની આદત પડી ગઈ છે. પરંતુ એમ ન થવા માટે કોઈ કારણ નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૨૦૯-૨૧૦)

***

સાચી અમરતા

આ પ્રસંગે તમને હું આ એક વાત કહી શકું છું. ઘણા વખત ઉપર અહીં કેટલાક લોકો એવો ખ્યાલ લઈને આવ્યા હતા કે આશ્રમમાં જોડાઈશું તો અમર થઈ જવાશે. અને એ લોકોમાં અમરતા માટે ખૂબ જ અભીપ્સા હતી. એ બધા વૃદ્ધ માણસો હતા, અને સ્વાભાવિક રીતે જ, તેમની દૃષ્ટિ બહુ દૂર જોઈ શકતી ન હતી, અને પોતાના જીવનને તેઓ અનિશ્ચિત હદ સુધી લંબાવવા માગતા હતા - લોકોને મન ‘અમરતા’નો અર્થ આ હોય છે : પોતે જે કાંઈ હોય છે તેને અનિશ્ચિત કાળ સુધી લંબાવ્યે રાખવું. એટલે જે પહેલા માણસે મારી આગળ આ રીતે વાત કરી તેને મેં જવાબ આપેલો : ‘દરેક માણસ અમર થઈ શકે કે નહિ એ તો હું જાણતી નથી - કદાચ ન જ થાય - પણ જે લોકો અમર થઈ શકે તેવા હોય છે, તેમનામાંથી પણ કેટલા એના માટેની કિંમત આપવાને તૈયાર છે? કેમ કે આ બાબતમાં તો જે વસ્તુઓને પાછળ મૂકી દેવાની છે તેની સંખ્યા એટલી બધી તો છે કે કદાચ અર્ધે રસ્તે પહોંચીને તેઓ બોલી ઊઠશે, ‘ના ના, આ તો બહુ ભારે પડતી કિંમત છે!’ મને એક ચિત્રકાર યાદ આવે છે, એની સાથે મારે અમરતાની શક્યતા વિશે વાત

થયેલી. ત્યારે તેણે મને પૂછેલું કે એક નવું જગત કેવું હશે. મેં એને કહેલું કે, વસ્તુઓ પોતે જ તેજોમય બની જશે, દાખલા તરીકે, અહીં પૃથ્વી ઉપર સૂર્યમાંથી પ્રકાશ આવે છે અને તેનો પ્રતિબિંબિત પ્રકાશ આપણને મળે છે તેવું નહિ હોય. હું આ બોલતી હતી ત્યારે મેં જોયું કે તેનો ચહેરો લાંબો ને લાંબો થતો જતો હતો, વધુ ને વધુ ગંભીર થતો જતો હતો, અને આખરે તેણે મને કહ્યું : 'પણ તો પછી વસ્તુઓનો પ્રકાશ બહાર લાવવા માટે જે છાયાની જરૂર રહે છે તેના વિના ચિત્ર કેવી રીતે થઈ શકશે ?' .... મેં એને જણાવ્યું કે, 'તમે જાણે કે આમ કહીને આ પ્રશ્નની ચાવી જ આપી દીધી છે.'

આ તો મેં નાના નાના દાખલા આપ્યા. બીજી પણ ઘણી ઘણી વસ્તુઓ છે, વધારે મહત્ત્વની,સૌથી વધુ મહત્ત્વની વસ્તુ, અને સૌથી વધુ મુશ્કેલ વસ્તુ છે, અહંકારનું વિસર્જન. જે માણસ આ બાબતમાં તૈયાર નથી હોતો, તેને માટે તો એ કાર્ય મૃત્યુ પામવા જેવું બની રહે છે અને એને માટે તો એ પોતાના શરીરના મૃત્યુ કરતાંયે વધારે મોટું મૃત્યુ હોય છે, કેમ કે એને તો એમ લાગે છે કે અહંકારનું મૃત્યુ થાય એટલે તેના આખા સ્વરૂપનું વિસર્જન થઈ જાય. પણ ખરી વાત એમ નથી. છતાં એમાં શરૂઆતમાં આવી લાગણી થાય છે ખરી. અમર થવાને માટે બધી જ મર્યાદાઓ તજી દેવાની રહે છે અને એમાં અહંકાર એ તો મોટામાં મોટી મર્યાદા છે એટલે, જો 'હું' પોતે અમર નથી, તો એ અમરતાનો અર્થ શો રહે છે? (શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : પૃ. ૮૨-૮૩)

***

શારીરિક રૂપાંતર

જો તમે તમારા શરીરનું રૂપાંતર સિદ્ધ કરવાનો નિશ્ચય કર્યો હોય તો, તમારે જેટલી ધીરજની જરૂર છે તે સર્વ ધીરજપૂર્વક રાહ જોવી જોઈએ – ત્રણસો વર્ષ, પાંચસો વર્ષ, એક હજાર વર્ષ, એની કાંઈ અગત્ય નથી – જેટલો સમય જરૂરી રૂપાંતર સિદ્ધ કરવા માટે જોઈએ તેટલો સમય ધીરજપૂર્વક રાહ જોવી જોઈએ. મારે માટે તો, ત્રણસો વર્ષ એ ઓછામાં ઓછો સમય છે. સાચું કહું તો, વસ્તુઓનો જે પ્રકારનો મને અનુભવ થઈ રહ્યો છે, તે જોતાં ત્રણસો વર્ષ તો સાચેસાચ ઓછામાં ઓછો સમય ગણાય.

જરા કલ્પના કરો. એનો શો અર્થ થાય તેનો તમે કદી વિચાર નથી કર્યો? એક શરીરની રચના કઈ રીતે થાય છે? તદ્દન શુદ્ધ પશુમય રીતે, પશુનાં જ અવયવો અને ક્રિયાઓ સાથે. તમે તદ્દન એટલા બધા પરાધીન છો : જો તમારું હૃદય, એક સેકંડના હજારમા ભાગ જેટલો સમય પણ એ અટકી જાય તો, તમારે વિદાય લઈ લેવી પડે છે અને પછી કામ પતી જાય છે. એ આખી વસ્તુ આપોઆપ કામ કર્યે જ જાય છે, કામ કર્યે જ જાય છે, આપોઆપ, તમારા કોઈ સચેતન સંકલ્પ વિના (અને એ તમારે માટે સુખની વાત છે, કારણ કે એ કામ ઉપર જો તમારે દેખરેખ રાખવાની હોત તો લાંબો સમય પહેલાં બગડી ગયું હોત). સર્વ વસ્તુઓ ત્યાં છે. દરેક વસ્તુ જરૂરી છે, કારણ કે વસ્તુ વ્યવસ્થા જ એ

પ્રમાણે ગોઠવવામાં આવેલી છે. તમે કોઈ એક અવયવ વિના ચલાવી લઈ નહિ શકો, કંઈ નહિ તો સંપૂર્ણપણે તો નહિ જ, એને બદલે તમારામાં એનું પ્રતિનિધિત્વ કરનાર કોઈ વસ્તુ તો હોવી જોઈએ જ.

રૂપાંતરનો અર્થ એ છે કે આ સર્વ કેવળ ભૌતિક રીતની વ્યવસ્થાને બદલે એક એવી વ્યવસ્થાની સ્થાપના કરવી, જેમાં દરેક અવયવને સ્થાને તે દરેક અવયવને અનુરૂપ ભિન્ન પ્રકારનાં આંદોલનોની એકાગ્ર શક્તિની સ્થાપના કરવામાં આવે; એટલે એ દરેક અવયવને સ્થાને એક સચેતન શક્તિના કેન્દ્રની સ્થાપના કરવામાં આવે અને એ દરેક કેન્દ્ર ઉપરથી, ઊર્ધ્વના પ્રદેશોમાંથી આવતા સચેતન સંકલ્પ અને ગતિ વડે દોરવણી મેળવે. પછી હોજરી નહિ, હૃદય નહિ, રુધિરાભિસરણ નહિ, ફેફસાં નહિ, એવું સર્વ કાંઈ નહિ રહેવાનું.... એ સર્વ કાંઈ અલોપ થઈ જશે. પરંતુ એ અવયવો પ્રતીક રૂપે જે આંદોલનોનું પ્રતિનિધિત્વ કરે છે, તે આંદોલનોની આખી શ્રેણીઓ જ એમને સ્થાને ગોઠવાઈ જશે. કારણ કે અવયવો એ કેવળ શક્તિનાં કેન્દ્રોનાં ભૌતિક પ્રતીકો માત્ર છે; તેઓ તદ્દન જરૂરી એવાં સત્યો નથી; કેવળ તેઓ તો એ શક્તિઓને, અમુક નિશ્ચિત સંજોગોમાં, એક આકાર અથવા ટેકો પૂરો પાડે છે. એટલે રૂપાંતર પામેલું શરીર તેનાં શક્તિનાં 'ખરાં' કેન્દ્રો મારફત કાર્ય કરશે; અત્યારે જેમ પાશવ શરીરમાં વિકસેલા તેમના પ્રતિનિધિઓ મારફત તેઓ જેમ કામ કરે છે તે રીતે પછી તેઓ કાર્ય નહિ કરે. માટે તમારે સૌ પ્રથમ તો એ જાણવું જોઈએ કે વૈશ્વિક શક્તિમાં તમારું હૃદય શાનું પ્રતીક છે. અને રુધિરાભિસરણ શાનું પ્રતીક છે અને હોજરી અને મગજ શાનાં પ્રતીક છે. શરૂઆત કરવા માટે, તમારે એ સર્વ બાબતમાં સચેતન થવું જોઈએ. અને પછી, આ અવયવો જે વસ્તુઓનાં પ્રતીક છે તે વસ્તુઓ તમને પ્રાપ્ય હોવી જોઈએ. તમારે ધીરે ધીરે આ સર્વ શક્તિઓને તમારા શરીરમાં એકત્ર કરવી જોઈએ અને દરેક અવયવનું એક અચેતન શક્તિના કેન્દ્રમાં પરિવર્તન કરવું જોઈએ જેથી તેની પ્રતીકાત્મક ક્રિયાનું સથાન સાચી ક્રિયા લઈ લે.... તમે માનો છો કે આમ કરવા માટે ત્રણસો વર્ષ કરતાં વધુ સમય નહિ જોઈએ? મને લાગે છે કે આપણે જેવા ગુણોવાળો દેહ જાણીએ છે, બરાબર તેના જેવા જ ગુણો ધરાવતો ન હોય, પણ અતિશય ઉત્કૃષ્ટ પ્રકારનો હોય; એક એવો દેહ કે જે નમનીય હોવાનું આપણે સ્વપ્ન સેવીએ છીએ : જેમ તમારી લાગણીઓ સાથે તમારા ચહેરા ઉપરના ભાવ બદલાય છે તેમ એ શરીર પણ બદલાતું જશે (એનો આકાર નહિ, પણ એના એ આકારમાં ફેરફાર થશે) અને તમે જે વસ્તુ તમે તમારા શરીર દ્વારા પ્રગટ કરવા ઇચ્છતા હશો તે પ્રમાણેનો એ ફેરફાર હશે. એ ખૂબ ઘનીભૂત, ખૂબ વિકસિત, ખૂબ જ્યોતિર્મય, પૂર્ણ સ્થિતિસ્થાપકતાવાળો હોવા છતાં પૂર્ણપણે જ્ઞાનવાન, આપણે જેવો સંકલ્પ સેવીએ તેવી નમનીયતા અને હળવાપણાવાળો....તમને કદી એવું સ્પપ્ન આવ્યું નથી કે જેમાં તમે પૃથ્વી ઉપર એક લાત લગાવો અને પછી તમે હવામાં ઊંચે ને ઊંચે ચડતા જતા, દૂર દૂર ઊડ્યે જતા હો! તમે આમતેમ ફરતા હો છો. તમે તમારો એક ખભો હલાવો છો અને તમે આ બાજુ જાઓ છો; તમે બીજી બાજુનો ખભો હલાવો છો ત્યારે તમે તે બાજુ જાઓ છો; અને તમે તમને જ્યાં જવું ગમતું હોય ત્યાં જાઓ છો, તદ્દન સહેલાઈથી; અને

છેવટે તમે આ બધું કરી રહો છો ત્યારે તમે પાછા ફરો છો, અને તમારા શરીરમાં દાખલ થઈ જાઓ છો. તો હવે, તમારાથી આ વસ્તુઓ શરીર વડે પણ કરવી શક્ય બનવી જોઈએ, અને શ્વાસોશ્છ્વાસ સાથે સંબંધ ધરાવતી કેટલીક વસ્તુઓ પણ થઈ શકવી જોઈએ – પણ એ વસ્તુઓ હવે ફેફસાંઓ વડે નહિ કરવામાં આવે; પરંતુ એક પ્રતીકાત્મક ગતિની પાછળ એક સાચી ગતિ અને એના વડે તમારામાં આ હલકાપણાની શક્તિ આવે છે; પછી તમને ગુરુત્વાકર્ષણની પદ્ધતિ લાગુ પડતી નથી, તમે એનાથી મુક્ત થઈ જાઓ છો. અને એમ ને એમ આગળ.*

કલ્પનાને કોઈ અંત હોતો નથી : જ્યારે ઈચ્છા થાય ત્યારે દેદીપ્યમાન બની શકાવું જોઈએ, જ્યારે પારદર્શક બનવાની ઈચ્છા થાય ત્યારે તે થઈ શકવું જોઈએ. કુદરતી રીતે, શરીરતંત્રમાં કોઈ હાડકું હોવાની પણ જરૂર નથી; એ વસ્તુ એક હાડપિંજર ઉપર ચામડી અને આંતરિક અવયવોનું સંયોજન માત્ર નહિ હોય, એ એક બીજી જ વસ્તુ હશે. એમાં, સંકલ્પનું અનુસરણ કરતી કેન્દ્રીભૂત થયેલી શક્તિ હશે. આનો અર્થ એમ નથી કે એમાં કોઈ નિશ્ચિત આકારવાળાં અને ઓળખી શકાય તેવાં રૂપો નહિ હોય; રૂપનું ઘડતર, સ્થૂલ કણોને બદલે ગુણો વડે થશે. આપણે જો એમ કહેવા ધારીએ તો કહી શકીએ કે એક વ્યવહારુ અથવા ઉપયોગિતાની દૃષ્ટિએ રચાયેલું શરીર હશે; એ નમનીય, ગતિશીલ, ઈચ્છા પ્રમાણે હલકું થઈ શકનારું, અને અત્યારના સ્થૂલ જડ ભૌતિક શરીર કરતાં જુદા જ પ્રકારનું શરીર હશે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૧૫૦-૧૫૩)

***

ચેતનાનું પરિવર્તન

ચેતનાનું પરિવર્તન જરૂરી વસ્તુ છે. એના સિવાય કોઈ ભૌતિક સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે નહિ. પણ અતિમાનસ પરિવર્તનની પૂર્ણતા શક્ય ન બને, જો શરીર જેવું છે તેવું જ રહે – મૃત્યુનું, રોગોનું, વિઘટનનું, વેદના, અભાનતા તેમ જ અજ્ઞાનનાં સર્વ અન્ય પરિણામોનું ગુલામ બની રહે તો. (CWSA 28 : 19)

---

* શ્રી અરવિન્દના કથન પ્રમાણે શ્વાસોચ્છ્વાસ પાછળ આવેલી ગતિનું સાચું સ્વરૂપ ઈલેક્ટ્રિકલ અને મેગ્નેટિક ક્ષેત્રોને લાગુ પડે છે તે પ્રકારનું જ છે; એ વસ્તુને જૂના યોગીઓ વાયુ : જીવન-શક્તિ કહેતા. શ્વાસોચ્છ્વાસની કસરતો (પ્રાણાયામ) એ કેવળ (બીજી અનેક પદ્ધતિઓ પૈકીની) એક પદ્ધતિ છે જેમાં તમે વાયુ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરી શકો છો જેને પરિણામે છેવટે તમે ગુરુત્વાકર્ષણથી મુક્ત થઈ જાઓ છો અને બીજી કેટલીક એવી શક્તિઓ પ્રાપ્ત કરી શકો છો જેના વિશે જૂના કાળના યોગીઓને જ્ઞાન હતું : અતિશય હલકા અથવા અતિશય ભારે થઈ જવાની શક્તિ, ખૂબ મોટા કે ખૂબ નાના થઈ જવાની શક્તિ (गरीमा, लधीमा, महीमा, अणीमा). આ વાર્તાલાપના પરિશિષ્ટ રૂપે અમે શ્રી અરવિન્દના એક ફ્રેન્ચ વૈજ્ઞાનિક સાથેના વાર્તાલાપમાંથી થોડું અવતરણ પ્રસિદ્ધ કરીએ છીએ. એમાં એમણે પ્રકૃતિની આ બાહ્ય ગતિઓ પાછળ આવી રહેલી 'સાચી ગતિઓ'નો વિષય હાથ ધરેલો છે.

મૃત્યુ ઉપર વિજય

અમરતાને માટે એવું છે કે જ્યાં લગી આપણામાં શરીર ઉપર મમત્વ હોય ત્યાં સુધી એ આવી શકતી નથી, – કારણ કે અમરતા લાવવી હોય તો પોતાના સ્વરૂપમાં રહેલો અમર ભાગ કે જે દેહાત્માભાવ ધારણ કરતો હોતો નથી તેની સાથે તાદાત્મ્ય કરવું પડે છે અને તેની ચેતના અને શક્તિ શરીરના કોષાણુઓ સુધી ઉતારી લાવવાની રહે છે. અલબત્ત આ વસ્તુ યોગનાં સાધનો દ્વારા કરવાની જ હું વાત કરું છું. હવે વૈજ્ઞાનિકો (કાંઈ નહિ તો સિદ્ધાંતમાં તો) એ વસ્તુનો સ્વીકાર કરે છે કે એવાં ભૌતિક સાધનોની શોધ કરવી શક્ય છે કે જેના વડે મૃત્યુને જીતી શકાય, પરંતુ એનો અર્થ એટલો જ થાય કે અત્યારની જ ચેતના, હાલના જ શરીરમાં વધુ લાંબો સમય ટકી રહે. એમાં જો ચેતનાનું કોઈ પરિવર્તન સિદ્ધ ન થતું હોય અને એનાં કાર્યોમાં કોઈ રૂપાંતર ન થતું હોય તો એ કાંઈ બહુ મોટો લાભ ન ગણાય. (CWSA 28 : 312)

*

અતિમાનસ શરીર

જે અતિમાનસિક દેહ અહીં સત્તા ધારણ કરતો કરવાનો છે તેનાં ચાર મુખ્ય લક્ષણો છે : હળવાપણું (લાઘવ), રૂપાંતરક્ષમતા, નમનીયતા અને પ્રકાશમયતા. જ્યારે ભૌતિક દેહ પૂર્ણપણે દિવ્યત્વને પામે છે ત્યારે તેને લાગે છે કે જાણે તે સદાય હવામાં ચાલતો હોય. એમાં તમસ્ કે અચેતનતા નહિ હોય. તેની રૂપાંતરક્ષમતાની શક્તિ પણ પાર વગરની હશેઃ તેને ગમે તે સ્થિતિમાં મૂકવામાં આવશે તોય તેની પાસે જે જે અપેક્ષાઓ રાખવામાં આવશે તેને તે પહોંચી વળશે; કારણ કે, તેની પૂર્ણ ચેતના બધી પ્રકારની જડતા અને અક્ષમતા, જે સામાન્યપણે જડતાની બાબતમાં આત્માને વિશે રુકાવટ ઊભી કરનારાં નીવડે છે, તેમને હાંકી કાઢશે. અતિમાનસિક નમનીયતા દરેક વિરોધી શક્તિ જે એને ભેદવા ઝઝૂમે છે, તેના આક્રમણની સામે ખડા રહેવાની તેને શક્તિ આપશે; આક્રમણની સામે તે મંદ અવરોધ નહિ બતાવે, પણ તેથી ઊલટું, એવી નમનીય બની જશે કે તેને જવાનો માર્ગ આપીને તેના બળને નિષ્ફળ બનાવશે. આમ તેનાં કોઈ માઠાં પરિણામ નહિ આવે અને ગમે તેવા મરણાંતક હુમલાઓ તેને અક્ષત રાખશે. અને આખરે તે પ્રકાશથી સભર ભરાઈ જશે, તેનો પ્રત્યેક કોષ અતિમાનસિક ગૌરવને પ્રસારશે. જેમની સૂક્ષ્મ દૃષ્ટિ વિકાસ પામીને ખૂલી ગઈ હશે તેવાઓ જ માત્ર નહિ, પરંતુ સામાન્ય મનુષ્ય પણ આ દીપ્તિને નિહાળવા શક્તિશાળી થશે. દરેકને માટે તે એક વાસ્તવિક ખુલ્લી હકીકત બની રહેશે, રૂપાંતરનું તે એક એવું હમેશનું પ્રમાણ થશે કે ખુદ સંશયવાદીને પણ તેની પ્રતીતિ કરાવશે.

શારીરિક રૂપાંતર એક પરમ આધ્યાત્મિક પુનર્જન્મ બની રહેશે, સામાન્ય અતીતનું બધું જ ખરી જશે. કારણ કે, આધ્યાત્મિક પુનર્જન્મ એટલે આપણા પહેલાંના સંબંધો



દર્શન

અને સંજોગોને નિરંતર ઉતારી દેવા (સાપની જેમ), જાણે કે પ્રત્યેક અક્ષુણ્ણ પળે જીવન નવેસરથી શરૂ કરતા હોઈએ એમ જીવવું, જેને કર્મ કહેવામાં આવે છે, જે આપણા અતીતકાળનાં કાર્યોની એક ધારા છે, તેમાંથી મુક્ત થઈ જવું, – અર્થાત્ પ્રકૃતિની સામાન્ય કારણકાર્યની શૃંખલામાંથી છુટકારો.

ચેતનામાં જ્યારે અતીતકાળનો છેદ ઉડાડવાનું વિજયવિભોર બનીને સિદ્ધ થાય છે, ત્યારે પેલી બધી ભૂલો, ખામીઓ, ત્રુટિઓ અને મૂર્ખામીઓ, જે આપણી સ્મૃતિમાં જળોની માફક લોહી ચૂસતી વળગી રહી હોય છે, જાણે કે ભભૂકી રહી હોય, – તે બધું ખરી પડે છે, અને આપણે આનંદપૂર્ણ મુક્તિ મ્હાણી શકીએ છીએ. આ મુક્તિ માત્ર કલ્પનાની વાત નથી; તે એક અત્યંત નક્કર, વ્યવહારુ, વાસ્તવિક હકીકત છે. આપણે ખરેખર મુક્ત થઈ જઈએ છીએ, આપણને કશું જ બાંધતું નથી, કશું જ ભોળવતું નથી, જવાબદારીની કોઈ બાધા નડતી નથી. જો આપણે ભૂતકાળનો પ્રતિકાર કરવા માગતા હોઈએ, ઉખેડી નાખવા માગતા હોઈએ, કે તેને ઓળંગી જવા ઇચ્છતા હોઈએ, તો તે માત્ર પશ્ચાત્તાપ કે એવી કોઈ બીજી રીતે નહિ થઈ શકે, રૂપાંતરિત ન થયેલો ભૂતકાળ હમેશાં ચાલતો આવ્યો છે તે આપણે ભૂલી જવું જોઈશે. સઘળા પ્રકારનાં બંધનોમાંથી છૂટી જઈને ચેતનાની એક પ્રબુદ્ધ અવસ્થિતિમાં પ્રવેશવું જોઈશે. પુનર્જન્મ પામવું એટલે પ્રથમ તો આપણી ચૈત્ય-ચેતનામાં પ્રવેશવું. ત્યાં આપણે દિવ્યની સાથે એક થઈએ છીએ અને કર્મની પ્રતિક્રિયાઓમાંથી શાશ્વત કાળને માટે મુક્ત થઈએ છીએ. ચૈત્યની જીવતી-જાગતી સૂઝ વગર આમ બની શકે નહિ; પરંતુ એક વાર આપણા સાચા આત્મા વિશે જેવા આપણે નિશ્ચિતપણે સચેત બન્યા – અને એ તો નિરંતર દિવ્યને શરણે જ હોય છે – કે તરત બધું બંધન ખરી પડે છે. પછી સતત ભાવે જીવન નવપલ્લવિત બનીને શરૂ થાય છે, અતીતકાળ આપણને વધુ સમય માટે વળગી રહેતો નથી. આ આધ્યાત્મિક પુનર્જન્મની પરાકાષ્ટાનો ખ્યાલ આપવા માટે હું તમને કહી શકું કે, આખાય વિશ્વની પળેપળે અનુભૂતિ થતી રહે છે, પ્રત્યેક પળે સાચેસાચ અદશ્ય થતી અને – પ્રત્યેક પળે નવસર્જન પામતી! (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૧૮૯થી ૧૯૧)

***

રૂપાંતરની મુશ્કેલી

એક એવી અવસ્થામાં હોવું, જેમાં સર્વ કંઈ પરમ હોય, સર્વ કંઈ અદ્‌ભુત હોય, સર્વ કંઈ બહુ સુંદર હોય, સર્વ કંઈ સુંદર પ્રેમ હોય, સર્વ કંઈ.... સર્વ કંઈ અગાધ સુખ હોય – અવિકારી, અવ્યય, સદા-સંનિધ અવસ્થા. એ અવસ્થામાં રહેવું અને પછી આ શારીરિક દ્રવ્ય પોતાની પ્રત્યેક શક્ય મૂર્ખામી વડે એ અવસ્થાનો ઇનકાર કરે – દૃષ્ટિ ગુમાવે, બળ ગુમાવે, આ કે તે ભાગમાં દુઃખાનુભૂતિ કરે, બગાડ થાય, નબળાઈ અનુભવાય, હરેક પ્રકારની અક્ષમતા અનુભવાય. અને તે જ સમયે શરીર જે પ્રતિભાવ

આપે છે – શરીરને જે પણ થાય – 'હે પ્રભુ, તમારી કૃપા અનંત છે.' આ વિરોધાભાસ ખૂબ જ મૂંઝવણ ઊભી કરે છે.

મારા અનુભવથી હું એ ખૂબ સારી રીતે જાણું છું કે વ્યક્તિ જ્યારે સંત કે ઋષિ બની રહેવાથી સંતુષ્ટ બની રહે અને સતત યોગ્ય વલણ જાળવી રાખે તો બધું સારી રીતે થતું રહે છે – શરીર માંદું પડતું નથી, અને જો શરીર ઉપર હુમલા થાય તો પણ એ સહેલાઈથી સાજુ થઈ જતું હોય છે – જ્યાં સુધી રૂપાંતર સિદ્ધ કરવાનો સંકલ્પ ન હોય ત્યાં સુધી કોઈ ખાસ મુશ્કેલી પડતી હોતી નથી. સર્વ પ્રકારની મુશ્કેલીઓ ઊભી થતી હોય છે રૂપાંતર સિદ્ધ કરવાનો સંકલ્પ સામેના વિરોધને લઈને. વ્યક્તિ જો આ પ્રકારનું વલણ અપનાવેઃ 'ઠીક, બધું બરાબર છે, વસ્તુઓ જેવી છે તેમ રહેવા દો, મને એની પડી નથી, હું સંપૂર્ણપણે સુખી છું, હું પરમાનંદની અવસ્થામાં છું' ત્યારે પછી શરીર સંતોષ અનુભવવાની શરૂઆત કરે છે.

(The Mother : Conversations with a disciple : July 15, 1961)

***

હું ખનિજ તરીકે મૃત્યુ પામ્યો ને બન્યો છોડ,
છોડ તરીકે મૃત્યુ પામ્યો ને બન્યો તિર્યક.
પ્રાણી તરીકે મૃત્યુ પામ્યો ને જન્મ્યો માનવ.
આ પરંપરા જોતાં માનવદેહના મૃત્યુથી મારે શેં બીવું ?
માનવ તરીકે હું મૃત્યુ પામીશ અને ઉત્ક્રાંતિનું બીજું ચક્ર
શરૂ થશે.
મને પાંખો ઊગશે અને હું બની જઈશ દેવદૂત.
પછી દેવદૂતથી પણ વધુ ઊંચે ઊડીને -
તમે જેની કલ્પના પણ ન કરી શકો એવું સ્વરૂપ હું પ્રાપ્ત કરીશ.

મેવલાના જેલાલુદ્દીન રૂમી
(સુફી સંત)

અમરત્વ

દેહના મૃત્યુ પછી પણ મનોમય વ્યક્તિતા ટકી રહે તે કાંઈ અમરતા નથી; જો કે એ પણ સાચું છે, પણ ખરી અમરતા તો આ દેહ, જે અજન્મા અને અમર આત્મસ્વરૂપનું કેવળ કરણ અને પડછાયો માત્ર છે તે આત્મસ્વરૂપને જાગ્રતપણે ધારણ કરવામાં રહેલી છે. (૯)

દરેક મનુષ્યના સ્વરૂપમાં તેનો જે દેહ હોય છે, તેમાં જીવનતત્ત્વનો સંચાર તેનું પ્રાણમય સ્વરૂપ કરે છે અને એની ઉપર ઓછાવત્તા પ્રમાણમાં મનોમય સ્વરૂપનું આધિપત્ય હોય છે. આ એક સામાન્ય નિયમ છે, પરંતુ વ્યક્તિનું મનોમય સ્વરૂપ કેટલા પ્રમાણમાં સુગઠિત થયેલું અને વ્યક્તિત્વવાળું બનેલું છે તેનો માણસે માણસે ફેર પડે છે. મોટા ભાગના મનુષ્યોમાં તો મન કેવળ પ્રવાહી અવસ્થામાં હોય છે અને એથી કરીને એમનામાં કોઈ વ્યક્તિત્વ જેવું હોતું નથી. અને જ્યાં સુધી મનુષ્યનું મન એવું પ્રવાહી અવસ્થાવાળું, અસ્તવ્યસ્ત અને પોતાના સુગ્રથિત તેમજ વ્યક્તિત્વ વિનાના જીવનવાળું હોય છે, ત્યાં સુધી એ ટકી શકતું નથી. એટલે એવા દાખલાઓમાં, જે સ્થૂલ પદાર્થમાંથી તેમના દેહનું ઘડતર થયેલું હોય છે તે જ્યારે ભૌતિક પદાર્થમાં વિલીન થઈ જાય છે ત્યારે તેની સાથે તેમના મનોમય સ્વરૂપનાં તત્ત્વો પણ મનોમય પ્રદેશમાં વિલીન થઈ જાય છે.

પરંતુ આ મનોમય સ્વરૂપ સુગઠિત અને સુવ્યવસ્થિત બને છે, જ્યારે તે એક પુરષરૂપધારી વ્યક્તિસ્વરૂપ ધારણ કરે છે. ત્યારે પછી એને પોતાના અસ્તિત્વ માટે કોઈ સ્થૂલ દેહ ઉપર આધાર રાખવાનો હોતો નથી અને એટલે પછી જ્યારે સ્થૂલ દેહ વિલીન થઈ ગયો હોય છે ત્યારે પણ એ ટકી રહે છે. દેહનો નાશ થયા પછી પણ સ્વતંત્રપણે જીવન ધારણ કરતાં હોય એવાં અનેક વ્યક્તિસ્વરૂપોથી આ પૃથ્વીનું મનોમય વાતાવરણ ભરેલું રહે છે. જ્યારે કોઈ આત્મા, એટલે કે સત્ સ્વરૂપ, ફરીથી દેહ ધારણ કરે છે ત્યારે તેવા દેહમાં પેલું મનોમય સ્વરૂપ ફરીથી જન્મ લઈ શકે છે; કારણ કે આત્મસ્વરૂપ તો અગાઉના જન્મોની સ્મૃતિ લઈને જ આવે છે.

પરંતુ આને કાંઈ શ્રી અરવિન્દ જેને અમરત્વ કહે છે તે ન કહેવાય. અમરત્વ એવા જીવનને કહેવાય કે જેને આદિ કે અંત ન હોય, જે જન્મ્યું ન હોય તેમજ મરતું ન હોય અને દેહભાવથી તદ્દન સ્વતંત્ર હોય. એવું જીવન તો આત્મસ્વરૂપમાં, દરેક વ્યક્તિના સત્ય સ્વરૂપમાં રહેલું હોય છે અને એ સ્વરૂપ, વિરાટ આત્મસ્વરૂપથી ભિન્ન હોતું નથી. અને આ સત્ય સ્વરૂપમાં પોતાની વિરાટ આત્મસ્વરૂપ સાથેની એકતા હોવાનું ભાન રહેલું હોય છે. ખરું જોતાં તો, એ સત્યસ્વરૂપ, વિરાટ સ્વરૂપનો પુરુષધારી વ્યક્તિતાવાળો,

આવિર્ભાવ માત્ર હોય છે; એને કોઈ આદિ કે અંત હોતો નથી, જીવન કે મૃત્યુ હોતાં નથી, એ શાશ્વતપણે અસ્તિત્વમાં હોય છે અને માટે જ અમર હોય છે. જ્યારે આપણે આ આત્મસ્વરૂપ વિશે સભાન બનીએ છીએ ત્યારે આપણે શાશ્વત જીવનમાં ભાગ લેતાં થઈએ છીએ અને માટે જ આપણે અમર થઈએ છીએ.

પરંતુ સામાન્ય રીતે, આ ''અમરત્વ'' શબ્દને સમજવામાં કાંઈક ગોટાળો કરવામાં આવે છે. આમ બનવું એ કોઈ નવી વાત નથી, આવું તો ઘણી વાર બને છે; જ્યારે કોઈ માણસ અમરતાની વાત કરે છે ત્યારે ઘણાખરા લોકો એમ સમજે છે કે આ તો સ્થૂલ શરીરને અનિશ્ચિત સમય સુધી ટકાવી રાખવાની વાત છે.

સૌ પ્રથમ તો, જ્યાં સુધી સ્થૂલ દેહ અમૃતમય આત્મસ્વરૂપ વિશે પૂર્ણપણે સભાન બનીને તેની સાથે સંપૂર્ણ એકતા સિદ્ધ ન કરી લે ત્યાં સુધી એ અનંતકાળ સુધી ટકી શકે નહિ. અને આ એકતા એટલા બધા પ્રમાણમાં સિદ્ધ કરવાની હોય છે કે જેને લઈને આત્મસ્વરૂપમાં વૈશ્વિક ગતિને અનુસરી શકાય તેવી, સતત રીતે પરિવર્તન પામતા રહેવાની ક્ષમતા અને શક્તિ છે તેવી શક્તિ દેહમાં પણ આવી ગઈ હોય - શાશ્વતપણે ટકી રહેવા માટેની આ એક અનિવાર્ય શરત છે. શરીર જડ છે, એ વિરાટ ગતિ સાથે તાલ મિલાવી શકતું નથી, વૈશ્વિક ઉત્ક્રાન્તિ સાથે, સતતપણે એકતા જાળવી રાખવા જેટલી પૂરતી ઝડપે એ પોતાની અંદર પરિવર્તન કરી શકતું નથી-અને માટે જ એનું વિઘટન અને મૃત્યુ થાય છે. દેહ જડ છે, કઠણ છે, એનામાં પરિવર્તન પામતા રહેવાની શક્તિ નથી હોતી. એટલે એને વિનાશ પામવું પડે છે. અને પોતામાં રહેલા પદાર્થને, સામાન્ય ભૌતિક પ્રકૃતિમાં રહેલા પદાર્થ સંગ્રહમાં પાછો સોંપવો પડે છે કે જેથી કરીને એ પોતે નવાં રૂપોમાં પોતાનું સર્જન કરી શકે અને એ રીતે એ પોતે પ્રગતિ કરી શકે. પરંતુ સામાન્ય રીતે, જ્યારે લોકો અમરતાની વાત કરે છે ત્યારે દૈહિક અમરતાની વાત કરતા હોય છે; એ વસ્તુ સારી પેઠે જાણીતી છે કે એવી કોઈ વસ્તુ હજી સુધી સિદ્ધ કરવામાં આવી નથી.

શ્રી અરવિન્દ કહે છે કે આમ થવું શક્ય છે. એ બની પણ આવશે, પરંતુ એમ થઈ શકે તે માટે તેઓ એક શરત મૂકે છે. એ શરત એ છે કે શરીરને અતિમાનસ બનાવવું જોઈએ અને એનામાં અતિમાનસ સ્વરૂપમાં જે નમનીયતા અને સતત પરિવર્તનશીલતાના ગુણો હોય છે તેવા ગુણો પણ આવવા જોઈએ. અને જ્યારે શ્રી અરવિન્દ લખે છે કે શરીર તો એક 'કરણ અને છાયા માત્ર છે' ત્યારે તેઓ, અત્યારે જે પ્રકારના સ્થૂલ દેહ છે અને કદાચ લાંબા સમય સુધી જે આવા જ રહેવાના છે તેમની વાત કરે છે. આ સ્થૂલ શરીર તો આત્માનું એક સાધન છે, એના સ્વરૂપનો એક અતિશય અપૂર્ણ આવિર્ભાવ છે, એક છાયા છે - અને છાયા એટલે શાશ્વત આત્મ-સ્વરૂપના પ્રકાશ અને સ્પષ્ટતાની સરખામણીમાં કોઈ અસ્પષ્ટ અને તમોગ્રસ્ત વસ્તુ.

હવે આ છાયા કહો કે સાધન કહો, તે આત્માના વિકાસમાં કેવી રીતે સહાયભૂત થઈ

શકે અને આ કરણને કેળવીને ભવિષ્યની જીંદગીઓ માટે તે કેવી રીતે મદદકર્તા બની શકે એ એક એવો પ્રશ્ન છે કે જેમાં આપણને ઓછો રસ નથી.

જ્યારે જ્યારે કોઈ જીવ નવું શરીર અંગીકાર કરે છે ત્યારે એ એવા ઇરાદાપૂર્વક આવે છે કે પોતે એક એવો નવો અનુભવ પ્રાપ્ત કરવો કે જેને લઈને પોતાના વિકાસમાં સહાય થાય અને પોતે વધુ પૂર્ણતાને પામી શકે અને આવી રીતે એક પછી એક જિંદગીઓ પસાર કરતાં કરતાં ચૈત્ય સ્વરૂપ પોતે પોતાની જાતનું એક એવું ઘડતર ઘડે છે કે જેને તદ્દન સ્વતંત્ર અને સચેતન વ્યક્તિતા હોય. અને જ્યારે એ પોતાના વિકાસની ચરમ સીમાએ પહોંચે છે ત્યારે, એ પોતાના નવા જન્મનો કેવળ સમય જ નહિ, પણ સ્થળ, લક્ષ્ય અને સિદ્ધ કરવાનું કાર્ય પણ નક્કી કરી શકે છે.

આ આત્મા જ્યારે સ્થૂલ દેહમાં અવતરે છે ત્યારે અનિવાર્યપણે એ તમોગ્રસ્તતા, અજ્ઞાન અને અચેતનામાં ઊતરે છે અને પોતે જે કાર્ય કરવા માટે આવેલો હોય છે તે કરવા માટે ખપમાં લાગે તેવું શરીર બનાવવા માટે, દેહના પદાર્થતત્ત્વમાં એક જરાક જેટલી ચેતના લાવવા માટે પણ ઘણા લાંબા સમય સુધી કાર્ય કરવું પડે છે. જો આપણે એક સતર્ક અને સ્પષ્ટ દૃષ્ટિવાળી પદ્ધતિ અપનાવીને શરીરને કેળવણી આપીએ તો એની સાથે સાથે આત્માને તેના વિકાસ, પ્રગતિ અને જ્ઞાનપ્રાપ્તિની બાબતમાં પણ સહાય કરી શકીએ છીએ.

* * *

શ્રી માતાજી : અમૃતત્વનું અમૃત તે પરમ સત્ય છે, પરમ જ્ઞાન છે, પરમાત્મા સાથેનું મિલન છે. એમાંથી અમૃતત્વની સભાનતા પ્રાપ્ત થાય છે.

દરેક ધાર્મિક સંપ્રદાય પોતાની ખાસ રીતે પ્રભુ તરફ ગતિ કરે છે. અને એ બાબતમાં શ્રી અરવિન્દ સંપ્રદાયોને જુદાં જુદાં વાસણો સાથે સરખાવે છે, પરંતુ તેઓ કહે છે : તમે કયો રસ્તો લો છો એ બહુ મહત્ત્વની વાત નથી. તમારું જે લક્ષ્ય છે એ જ મહત્ત્વની વસ્તુ છે. અને તમે ગમે તે રસ્તો લો પણ લક્ષ્ય તો એક જ રહેવાનું છે. અમૃતને ભલે ગમે તે વાસણમાં ભરવામાં આવ્યું હોય પણ એ પોતે તો એક જ રહેવાનું છે.

કેટલાક કહે છે કે પાત્રની જે સુવાસ હોય છે, તમે જે રીતનો માર્ગ લીધો હોય છે તેને લીધે અમૃતના સ્વાદમાં ફેર પડે છે, એટલે કે પ્રભુ સાથેનું તમારું મિલન એ પ્રમાણેનું ખાસ બને છે. શ્રી અરવિન્દ જવાબ આપે છે : લોકોના માર્ગ જુદા જુદા હોઈ શકે છે અને દરેક વ્યક્તિ પોતાને જે માર્ગ વધુ સારો લાગતો હોય તેમ જ, પોતાની રુચિ પ્રમાણેનો હોય તેવો માર્ગ પસંદ કરે છે. પણ છતાં અમૃત પોતે, પ્રભુ સાથેનું મિલન તો હરેક વખતે પોતાની અમૃતત્વની શક્તિ ટકાવી જ રાખે છે.

હવે આમાં જે એમ કહેવામાં આવે છે કે પ્રભુ સાથે મિલન થવાથી આપણને અમૃતત્વની

ચેતના મળે છે એનો અર્થ એ છે કે આપણામાં રહેલી ચેતના પેલી અમર વસ્તુ સાથે જોડાય છે અને તેથી પોતે અમર છે એમ અનુભવે છે. જે પ્રદેશોમાં અમૃતત્વ રહેલું છે તેને વિશે આપણે સભાન બનીએ છીએ. પરંતુ આનો અર્થ એમ નથી થતો કે આ રીતનો અનુભવ થવાથી આપણા શરીરનું તત્ત્વ રૂપાંતર પામે છે અને અમર બને છે. શરીરનું અમૃતત્વ મેળવવા માટે તો આપણે એક બીજી પ્રક્રિયા કરવાની રહે છે. એમાં તમારે પ્રથમ તો આ ચેતના મેળવી લેવાની રહે છે અને પછીથી એ ચેતનાને સ્થૂલ જગતમાં લઈ આવવાની રહે છે. એ ચેતનાને તમારે શારીરિક ચેતનાનું રૂપાંતર કરવા દેવાનું છે, એટલું જ નહિ પણ શરીર રૂપી આ જે પદાર્થ છે તેનું પણ રૂપાંતર કરવા દેવાનું છે. અને આ તો એક ઘણું ભારે કામ છે.

અને છેલ્લી વાત. તમારે વ્યક્તિને થતો સાક્ષાત્કાર અને આખા માનવ સમુદાયનો સાક્ષાત્કાર એ બેની ભેળસેળ કરી દેવાની નથી. આપણને અમૃત મળી આવે છે ત્યારે પછી આપણે તમામ ધાર્મિક સંપ્રદાયોથી ઉપર ચાલ્યાં ગયાં હોઈએ છીએ. આપણે માટે એ સંપ્રદાયનો હવે કોઈ અર્થ કે ઉપયોગ રહેતો નથી. પરંતુ સામાન્ય લોકોને માટે તો, તેઓ સાક્ષાત્કારમાં પહોંચે નહિ ત્યાં સુધી, સંપ્રદાયો એક માર્ગ તરીકે કામના તથા ઉપયોગના રહે છે.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ - ૧૦ પૃ. ૩૦થી ૩૨ અને ૯૧થી ૯૨)



મૃત્યુએ આ જગતનું સર્જન એટલા માટે કર્યું હતું કે એમ કરીને જ એ પોતે જીવન ધારણ કરી રહે. તું શું મૃત્યુનો ધ્વંશ કરીશ? તો તો પછી જીવનમાત્રનો વિનાશ થઈ જશે. મૃત્યુનો ધ્વંશ કરવાનું તો તારાથી નહિ બની શકે, પરંતુ તું એનું એક ઉચ્ચતર જીવનમાં રૂપાંતર કરી શકીશ ખરો. (૮૮)

આ વિશ્વનું સર્જન ક્રૂરતા પોતે પ્રેમ કરી શકે તે માટે કરેલું. તું શું ક્રૂરતાનો વિનાશ કરીશ? તો તો પ્રેમ પણ નાશ પામશે. તું ક્રૂરતાનો વિધ્વંશ તો નહિ કરી શકે, પરંતુ એનું રૂપાંતર તેના ઊલટા સ્વરૂપમાં, એક ઉત્કટ પ્રેમ અને આનંદ સભરતામાં કરી શકીશ. (૮૯)

(વિચાર રત્નો અને સૂત્રો)

વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દ સોસાયટી, જામનગર શાખામાં ૨૬-૧૦-૨૦૨૨ ના રોજ નૂતન વર્ષ દિને સવારે ૧૦.૦૦થી ૧૦.૩૦ દરમિયાન સમાધિ સમીપ સમૂહ ધ્યાનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧-૧૧-૨૦૨૨, જે જામનગર શાખાનો સ્થાપના દિવસ છે તે દિવસે સવારે ૧૦.૦૦થી ૧૦.૩૦ દરમિયાન સમાધિ સમીપ સમૂહધ્યાન તથા સાંજે ૭.૦૦થી ૮.૦૦ દરમિયાન ભક્તિસંગીત તથા રિદ્ધિમંગલ પત્રિકાનું વાચન તેમ જ શ્રી અરવિન્દ સોસાયટી પૉંડિચેરીની સ્થાપના તથા જામનગર કેન્દ્રની સ્થાપના વિષયક લખાણોનું વાચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે શ્રી માતાજીના ઑર્ગન મ્યુઝીક સહિત ધ્યાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમોમાં શાખાના સભ્યોએ હાજર રહી શ્રી અરવિન્દ તેમ જ શ્રી માતાજીની સઘન હાજરીની અનુભૂતિ કરી હતી. *(અહેવાલ : અર્પિતા)*

*

ૐ પુરિ, શ્રી અરવિન્દ સોસાયટી શાખા, માતર, જિ. ખેડા મુકામે તા. ૧૦થી ૧૪ નવેમ્બર, ૨૦૨૨ દરમિયાન 'ૐ પુરિ, શ્રી અરવિન્દ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં ધ્વજવંદન, સૂર્યોદય સમયે શ્રી અરવિન્દ રચિત નૂતના ગાયત્રીમંત્રનું સમૂહ ઉચ્ચારણ, માર્ચ-પાસ્ટ, મહામંદિરમાં સવાર-સાંજ શ્રી માતાજીના સંગીત સહિત ધ્યાન, જ્ઞાનસત્રો તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનાં આયોજનો કરવામાં આવ્યાં હતાં. ૧૧ નવેમ્બર, ૐ પુરિનો સ્થાપના દિવસ, તેમ જ ૐ પુરિમાં શ્રી અરવિન્દના દિવ્યાંશ સ્થાપનાનું આ વર્ષ ૨૫મું વર્ષ હોવાથી સાધકોએ વિશિષ્ટ ઉત્સાહ દાખવી કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.

તા. ૧૦ નવેમ્બરના રોજ જ્ઞાનસત્રની પ્રથમ બેઠકમાં શ્રી કિરીટભાઈ ઠક્કરે સાધનાલક્ષી વાર્તાલાપ રજૂ કરતાં માનવઉત્ક્રાંતિ સાથે થયેલી યોગની ઉત્ક્રાંતિના વિધવિધ વિકાસના તબક્કાઓ વિશે જણાવી હાલ ચેતનાના પરિવર્તનનો યોગ - પૂર્ણયોગ જે સાધના અને ધ્યેય દર્શાવે છે તેની સુંદર રજૂઆત કરી હતી.

બપોરની બેઠકમાં શ્રોતાઓના પ્રશ્નોના ઉત્તરો આપી પૂર્ણયોગમાં ચૈત્ય પુરુષની વિભાવના રજૂ થઈ છે તે વિશે વિગતોપૂર્ણ વક્તવ્ય શ્રી કિરીટભાઈ ઠક્કરે રજૂ કર્યું. છેલ્લા સત્રમાં શ્રી શ્યામભાઈએ 'જીવનનું શાસ્ત્ર' નું વાચન કરી એની વિગતોની રજૂઆત કરી હતી.

તા. ૧૧ નવેમ્બરે, ૐ પુરિનો સ્થાપના દિવસ હોઈ જ્ઞાનસત્રનો આરંભ શ્રી માતાજીના સંગીત તેમ જ ભક્તિગીત સહિત કરવામાં આવ્યો. પ્રથમ સત્રમાં શ્રી કિરીટભાઈ ઠક્કરે સાવિત્રી મહાકાવ્ય વિશે સંસ્મરણાત્મક વક્તવ્ય રજૂ કર્યું. પછી ૧૧ કલાક અને ૧૧ મિનિટે

શ્રી અરવિન્દ દિવ્યાંશ – ૐ પુરિ

શ્રી મીરાબહેન ધનકાણીએ 'ૐ પુરિ પત્રિકા' નું વાચન કર્યું અને શિબિરાર્થિઓને 'ૐ પુરિ પત્રિકા' અને Blessings Packets ની પ્રસાદી આપવામાં આવી હતી. સત્રના બાકી રહેલા સમયમાં શ્રી કિરીટભાઈ ઠક્કરે સાવિત્રી, પર્વ ૨, સર્ગ ૧૨, 'આદર્શનાં સ્વર્ગો'ની આરંભની થોડી પંક્તિઓનું વાચન કરી એને વિશે છણાવટ કરી.

બપોરના સત્રમાં સુ.શ્રી રંજનબહેન વૈદ્ય દ્વારા સાવિત્રી મહાકાવ્યના પર્વ ૩ના સર્ગ ૨, 'ભગવતી માતાની આરાધના' અને પર્વ ૧૧ 'સનાતન દિવસ'ની પંક્તિઓનો સાર રજૂ કરવામાં આવ્યો હતો.

૧૨ નવેમ્બરના જ્ઞાનસત્રોમાં શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખાના અધ્યક્ષ શ્રી શરદભાઈ જોશીએ જીવન અને મૃત્યુનું રહસ્ય, અધિમનસ અને અતિમનસ તથા પૂર્ણયાગના મંત્રો વિશે તલસ્પર્શી રજૂઆતો કરી હતી.

૧૩ તારીખના જ્ઞાનસત્રમાં શ્રી નરેન્દ્ર પટેલે 'મા' પુસ્તિકાનું સંક્ષિપ્ત વાચન, તેમ જ 'શ્રી અરવિન્દનો રાષ્ટ્રવાદ' વિષયક સંકલિત લખાણોનું વાચન કર્યું. શ્રી શ્યામભાઈએ 'જીવનનું શાસ્ત્ર' લખાણનું વાચન અને એનો સ્વાધ્યાય શ્રોતાઓને કરાવ્યો. શ્રી નીલકંઠભાઈ જોશી તથા શ્રી દીપકભાઈ ભીંડેએ શ્રી પૂજાલાલ રચિત 'શ્રી અરવિન્દ વંદના' નું ગાન કર્યું હતું. શિબિર દરમિયાન રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમોનાં આયોજનો પણ કરવામાં આવ્યાં હતાં. શિબિરાર્થિઓ દ્વારા ભજન, સ્તુતિ, રાસ-ગરબા તેમ જ વડોદરા સ્થિત શ્રી ધ્યુતિ બહેન અને તેમના વૃંદ દ્વારા કથકનૃત્ય તેમ જ વડોદરા, શ્રી અરવિન્દ નિવાસના ગ્રૂપ દ્વારા 'શ્રી અરવિન્દ જીવન' – સંસ્મરણોનું ભાવવાહી નાટ્યવાચન કરવામાં આવ્યું હતું.

શિબિરમાં ૐપુરિ કમિટી સભ્યોએ સક્રિય રહીને પોતાનું યથાયોગ્ય પ્રદાન કર્યું. કિચન વિભાગમાં શ્રી શિલ્પાબેન ઝવેરી, શ્રી ઉષ્માબેન ભાવસાર અને શ્રી ક્રીનલબેન

જ્ઞાનસત્રનું સ્થળ

દ્વારા સાત્ત્વિક ભોજન પ્રસાદીની વ્યવસ્થા કરવામાં આવી હતી. ૐપુરિના કર્મચારીગણે પણ શિબિરને સફળ બનાવવામાં વિશેષ સેવાઓ આપી.

અંતે શ્રી માતાજી અને શ્રી અરવિન્દ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીને સમગ્ર શિબિર તેમના ચરણોમાં અર્પણ કરી, શિબિરનું સમાપન કરવામાં આવ્યું હતું. *(અહેવાલ : શ્યામભાઈ)*

*

શ્રી અરવિન્દ સાધના શિબિર નૈનીતાલ :- નૈનિતાલ મુકામે શ્રી અરવિન્દનો પૂર્ણયોગ અને સાવિત્રી અધ્યયન શિબિર રાખવામાં આવી છે.

(૧) તા. ૫-૫-૨૩થી તા. ૧૧-૫-૨૩ શિબિર નં. ૩૨.

(૨) તા. ૧૨-૫-૨૩થી તા. ૧૮-૫-૨૩ શિબિર નં. ૩૩

દરેકના ખર્ચ પેટે રૂા. ૧૦,૦૦૦/- છે. ટિકિટ ભાડુ અલગ.

સંપર્ક : શ્રી ભારતસિંહ ઝાલા, શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, બોટાદ.

મો. ૯૪૨૬૬૯૫૧૯૮.

જાહેરાત

આથી શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના સૌ ભક્તો/અનુયાયીઓને જણાવવાનું કે પોંડિચેરી સ્થિત '**સમર્પણ યાત્રી ભવન**' નું આગામી ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૩ના દર્શન માટેનાં Accomodation Forms શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખા, દાંડિયા બજાર, વડોદરા - ૩૯૦૦૦૧ ખાતે તા. ૩૧મી જાન્યુઆરી ૨૦૨૩ સુધી સ્વીકારવામાં આવશે.

અરજી ફોર્મ Web Site : auronivas.org પરથી download કરી શકાશે.

Path → activity → accomodation

Phone : 091265 2412685

મૃત્યુનું રહસ્ય

એકદમ પ્રાચીન પુરાણકથાઓમાંની એક – Riddle of Sphinx મૃત્યુનું રહસ્ય અસરકારક રીતે સમજાવે છે અને એક મહત્ત્વનો સંદેશ પણ માનવજાતિને આપે છે.

સ્ત્રીનું મસ્તક, શરીર સિંહનું, પગ કૂતરાના અને પૂંછ તરીકે સર્પોને ધારણ કરતી વિચિત્ર દેહાકૃતિવાળી આ Sphinx એક વખત સૂમસામ રસ્તાની બાજુની ટેકરી ઉપર બેઠી હતી.

રસ્તેથી પસાર થતા લોકો સમક્ષ એ એક કોયડો રજૂ કરતી હતી અને જે એ કોયાડાનો ઉકેલ આપવામાં નિષ્ફળ રહેતા એ લોકોનો તે સંહાર કરી નાખતી હતી. એ કોયડો આ મુજબ છે. 'એવું કયું પ્રાણી છે જે સવારે ચાર પગે, દિવસ દરમિયાન બે પગે અને સાંજના ત્રણ પગે ચાલે છે ?'

ઘણા લોકોએ પોતાના જાન ગુમાવ્યા પછી ઓડીયસ (Hero) ત્યાંથી પસાર થયો. કોયડો સાંભળતાં જ એણે પ્રત્યુત્તર આપી દીધો. 'હું માનવ એ પ્રાણી છું. માનવ પોતાના જીવનના ઉષઃકાળમાં ચાર પગે, (ઘૂંટણિયે) ચાલે છે, યુવાની દરમિયાન બે પગે, અને જીવનની સંધ્યા સમયે, વૃદ્ધાવસ્થામાં લાકડી રૂપી ત્રીજા પગનો સહારો લઈ ત્રણ પગે ચાલે છે.' અને જેવો ઓડીયસે સાચો ઉકેલ રજૂ કરી દીધો કે તુર્ત જ Sphinx મૃત્યુ પામી.

આ પ્રતીક સ્પષ્ટ છે. Sphinx મૃત્યુનું પ્રતીક છે. એની રચના પરથી જ સ્પષ્ટ થઈ જાય છે કે તે અવાસ્તવિકતા છે. એટલે કે મૃત્યુ અવાસ્તવિકતા છે. પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે જવાબ પોતે જ પોતાને જાણતો નથી. (માનવ પોતાના સ્વરૂપને પામ્યો નથી) અને જે પોતાને (જવાબને) જાણતો નથી એને Sphinx – એટલે કે અવાસ્તવિકતા – એટલે કે મૃત્યુ – ભરખી જાય છે. જો જવાબ આપી દેવામાં આવે તો – Sphinx – મૃત્યુ – અવાસ્તવિકતા – પોતે જ મૃત્યુ પામે છે. એટલે જે દિવસે માણસ પોતાને જાણતો થઈ જશે તે જ સમયે મૃત્યુનું મૃત્યુ થશે. એ એક વાસ્તવિકતા નહિ બની રહે.

શ્રી અરવિન્દના શબ્દોમાં : 'મૃત્યુ એ કુદરતનો જીવનને સતત કરવામાં આવતો પ્રશ્ન છે અને તે જીવનને એ વાત યાદ કરાવવા આવે છે કે તેણે હજુ પોતાના સત્ય સ્વરૂપને જાણ્યું નથી.'

શ્રી મનોજ દાસ

(મૂળ અંગ્રેજી પરથી અનૂદિત)

Published on 5th of Every Month
Posted on 10th of Every Month at Vadodara HO

RNI NO GUJGUJ/2015/60353
RNP/VDR(E)338/2020-21
VALID UP TO 31/12/2023

(વર્ષ ૦૮ : અંક ૧૨)

વાર્ષિક લવાજમ ₹ ૨૦૦ - છૂટક અંક : ₹ ૨૦ (તા. ૧-૦૪-૨૦૨૧ થી)

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૨૦-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૨૦૦
વિદેશ માટે-હવાઇ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.